Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૬ : અશાડ :
અંક : ૧૨ મો : * * વિક્રમ સં. ૧૯૯૬ : જુલાઇ :

## પ્રાવૃટ્(વર્ષાઋતુ)નું વર્ણન

### દોહરા

એ આવી વષાૠતુ, લલિત રૂપ નવરંગ;
નાસ્તિક પણ આસ્તિક બને, જોઇ પ્રૌઢ પ્રસંગ. ૧

ભૂરૂપી શુભ ભામિની, સજી સરસ શણગાર;
મેઘરાયને રીઝવે, પતિપ્રેમે આ વાર. ૨

### હરિગીત છંદ

આકાશમાં રહી ગર્જતો, ને સર્જતો સુખસાધનો,
અદ્દભુત લીલા જ્યાં કુદરતી, નભમંડળે નીરખે જનો;
વ્યોમે ચઢીને ગાજતો, રવિરાજને ઢાંકી દીધો,
ધરતી બધી ધણુણાવતો, યુદ્ધેશ વેશ ખડો કીધો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કડ કડડ થાએ કાટકા, ગાંડો થઇ શું ગડગડે?
સૃષ્ટિ વિષે વૃષ્ટિતણી, મુશળ સમી ધારા પડે;
થળથળ વિષે જળજળ થયું, એ અકળ માયા કુદરતી,
ભૂખી-તૃષાળુ ભૂમિ પણ, શાંતિ ધરી અંગે ઠરી. ૨

અંકુર ફૂટયાં અંગમાં, ગર્ભિત ભૂમિ ભામિની,
સૌંદર્ય રૂપ ધર્યું ધરા, કુળવંતી જાણે કામિની;
લકઝૂર નીલાં ઘાસની, લીલી રૂડી સાડી ધરી,
નેણાં ઠરે, આત્મા ઠરે, છે ધન્ય! એ કૃતિ કુદરતી. ૩

મીઠા સ્વરેથી ગહેંકતા, નર્તન રૂડું મયૂરો કરે,
પાછળ ઘૂમે છે ઢેલ, તેનાં નયન પ્રેમાશ્રુ ઝરે;
ખીલી લલિત નવરંગમાં, વિધવિધ જાત વનસ્પતિ,
ભરપૂર ભરી દીધાં નવાણો, ધન્ય એ કુદરતની કૃતિ. ૪

સાધુ અને સંન્યાસીઓ, સંતો મહંતો જે હતા,
તે સ્થિર ઠામે જઇ રહ્યા, ચાતુરમાસે વિરમતા;
ધાન્યો ઊગ્યાં, ધરતી ફળી, પુષ્પો ભર્યાં વૃક્ષો થયાં,
વૃત્તો, નિયમ, આરાધનો, ધાર્મિક કામ શરૂ થયાં. ૫

દોહરા

ચમ ચમ ચમકે વીજળી, ધમ ધમ વરસે મેહ;
વસુંધરા વિકસી રહી, પતિ-પત્ની સમ નેહ. ૧

ગહન ગતિ એ કુદરતની, અકળ કળા ન કળાય;
વર્ષાઋતુ અવલોકતાં, પ્રભુમાં પ્રીતિ થાય. ૨

ભાવનગર, વડવા
તા. ૨-૭-૪૦

લી.
રેવાશંકર વાલજી બધેકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે૦ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

# વિલાસ અને વિલાસી વિકાસના બાધક છે

જેમ હીરા ઉપર ચોંટેલો કચરો સાફ કરવાથી તેનું તેજ પ્રકાશે છે તેમ આત્મા ઉપર ચોંટેલો કર્મનો કચરો દૂર કરવાથી આત્માના જ્ઞાનસ્વરૂપનો વિકાસ થાય છે.

આત્મા ઉપરથી કર્મનો કચરો કાઢનાર વિકાસી પુરુષો કચરો કાઢવાને જેટલા સાવધાન રહે છે તેના કરતાં આત્મા ઉપર નવો કચરો ન ચડવા દેવાને વધારે સાવધાન રહે છે. નવો કચરો ઉત્પન્ન કરનાર વિલાસ તથા વિલાસી કચરો ઉત્પન્ન કરે છે એટલું જ નહિં પણ કચરો કાઢતાં આડાં આવી વિઘ્નો ઉપસ્થિત કરે છે.

પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોને ભોગવીને મનમાં આનંદ માનવો તે વિલાસ છે. જો કે વિષયોમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા હોતી નથી, પરંતુ આત્મા અનાદિ કાળથી પુદ્ગલાનંદીપણાનાં સંસ્કારોને લઇને તથા રાગ-દ્વેષની પરિણતીને લઇને આંખથી વર્ણ, કાનથી શબ્દ, નાકથી ગંધ, જીભથી રસ અને શરીરથી સ્પર્શને ગ્રહણ કરીને મધ્યસ્થ ભાવ, હર્ષ અને શોક એમ ત્રણ અવસ્થાઓ અનુભવે છે.

આત્માને ઉદાસીનતા તથા શોકનો અનુભવ કરવા છતાં પણ મનમાં આનંદ ઉત્પન્ન થવાથી વિલાસ કહેવાતો નથી, કારણ કે ઇન્દ્રિયોને ન ગમે તેવા વિષયોનો સંસર્ગ થવાથી અધિષ્ઠાતા આત્મા તેવા વિષયોને પ્રતિકૂળ માને છે અને તેથી કરીને શોકગ્રસ્ત થાય છે અને પ્રતિકૂળ સંયોગની નિરંતરની ચિંતાથી દુઃખી રહે છે; માટે જ પ્રતિકૂળ વિષયોનો ઉપભોગ એ વિલાસ નથી.

જે વિષયોનો સંસર્ગ થવાથી રાગ-દ્વેષની પરિણતી થતી નથી, અને જેને લઇને અનુકૂળતા તથા પ્રતિકૂળતાને અવકાશ ન મળવાથી હર્ષ, શોક પણ ઉત્પન્ન થતો નથી તે મધ્યસ્થભાવ કહેવાય છે. આ ભાવમાં પણ આનંદ, હર્ષ, ખુશીને સ્થાન મળતું નથી; માટે મધ્યસ્થભાવની વૃત્તિઓ પણ વિલાસ કહેવાય નહિં.

સંસારની કેટલીક પૌદ્ગલિક વસ્તુઓમાં પણ જીવોનો સમભાવ રહે છે. બધી વસ્તુમાં વિષમભાવ રહેતો નથી. જે વસ્તુઓ બીનઉપયોગી તથા લાભ કે હાનિ કરવાવાળી હોતી નથી તેવી વસ્તુઓમાં રાગ-દ્વેષ કરવાનો પ્રસંગ ઓછો બને છે.

ધાર્મિક વાચનથી કે ધાર્મિક ઉપદેશ શ્રવણ કરવાથી તેમજ સ્પર્શ બોધવડે વસ્તુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિની વિચારણા કરવાથી પણ રાગ–દ્વેષને અવકાશ મળતો નથી અને સમભાવે પૌદ્‌ગલિક વસ્તુઓનો ઉપભોગ કરે છે, જેથી કરીને મધ્યસ્થભાવે રહેવાથી વિલાસીની પંક્તિમાં ભળી શકતા નથી.

મનગમતા વિષયોમાં જીવોને ઘણી જ અનુકૂળતા રહેવાથી અત્યંત આનંદ અનુભવે છે. અનુકૂળ પૌદ્‌ગલિક વસ્તુઓ ભોગવવામાં સુખીપણાની માન્યતાથી આત્મિક સુખ ભૂલી જઈને પૌદ્‌ગલિક સુખમાં જ મગ્ન રહે છે; એટલા માટે જ એને વિલાસ કહેવામાં આવે છે.

વિકાસ અને વિલાસની ભિન્ન ભિન્ન દિશાઓ છે, કારણ કે વિલાસના અભાવથી વિકાસ થાય છે. જ્યાં સુધી વિલાસની હયાતી હોય છે ત્યાં સુધી વિકાસનું એક પણ કિરણ ફૂટતું નથી. વિકાસ કેવળ આત્મસ્વરૂપ છે અને તે અવિનાશી છે જ્યારે વિલાસ પરપૌદ્‌ગલિક સંયોગથી ઉત્પન્ન થનારો અને વિભાવ સ્વરૂપવાળો હોવાથી વિનાશી છે. વિલાસ, નથી આત્મસ્વરૂપ કે નથી પુદ્‌ગલસ્વરૂપ; પરંતુ આત્મા તથા પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થનારું અનિશ્ચિત સ્વરૂપ છે, માટે જ વિનાશી છે. વિકાસ આત્મસ્વરૂપ હોવાથી નિશ્ચિત સ્વરૂપ છે અને તેથી જ અવિનાશી છે.

વિકાસ સાધનાર આત્માઓએ વિલાસથી સર્વથા વેગળા રહેવાની જરૂરત છે, કારણ કે વિલાસ, વિકાસ માટે તદ્દન બીનઉપયોગી છે. વિલાસ વિકાસને અટકાવે છે એટલું જ નહિ પણ આત્મસ્વરૂપનો વિનાશ કરે છે. વિલાસથી પુન્યનું ફળ ભોગવાય છે પણ પુણ્યકર્મ બંધાતું નથી, તો પછી વિકાસની તો વાત જ કયાં રહી ? જ્ઞાની પુરુષો સમભાવે પુન્યનું ફળ ભોગવે છે ખરા પણ તે વિલાસ કહેવાતો નથી, કારણ કે જ્ઞાનીઓને વસ્તુસ્થિતિનું જ્ઞાન હોવાથી પૌદ્‌ગલિક વસ્તુઓમાં આસક્તિભાવ હોતો નથી, તેમજ ક્ષણવિનશ્વરરૂપ એક જ સ્વભાવવાળા પુદ્‌ગલોમાં અનુકૂળતા પ્રતિકૂળતારૂપ ભિન્નતા અનુભવતા નથી અને તેથી કરીને પુદ્‌ગલોમાં સારા–નરસાપણાની ભાવના ન હોવાથી અજ્ઞાનતાથી માની લીધેલા આનંદના અભાવે વિલાસનો પણ અભાવ હોય છે. કર્મના આવરણને ખસેડીને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવારૂપ વિકાસની વાટે વળેલાં મહાપુરુષો વિલાસને કર્મનો પોષક માનીને તેનો આદર કરતા નથી તેમજ અનુકૂળ પૌદ્‌ગલિક વસ્તુઓની ઈચ્છાથી રહિત હોય છે. આડકતરી રીતે પણ વિષયોનો ઉપયોગ કરતા નથી. વિકાસના કાર્યમાં દેહને સાધનરૂપ માનીને તેને ટકાવી રાખવા પૂરતો જ પૌદ્‌ગલિક વસ્તુઓનો ઉપયોગ કરે છે. કેવળ આત્મવિકાસની ભાવનાથી ઉપયોગ પૂરતી જ પૌદ્‌ગલિક વસ્તુઓ અનાસક્તિભાવે વાપરે છે, પણ ક્ષુદ્ર કામનાઓ સંતોષવા આસક્તિભાવે ઉપભોગ તરીકે વાપરતા નથી. તાત્પર્ય કે અંતરાત્મદશાને પ્રાપ્ત થએલા મહાપુરુષોની ભાવનામાં વિલાસનો અંશ પણ હોતો નથી, કારણ કે તેઓ જાણે છે કે વિલાસ અને વિકાસ બન્ને પરસ્પર અત્યંત વિરોધી છે માટે વિલાસથી વિકાસ સાધી શકાતો નથી.

વિલાસને ઉદ્દેશી બનાવવામાં આવેલાં મનગમતાં ચિત્તને પસંદ કરનારા, આંખને આનંદ આપનારા, ઉપભોગની આકાંક્ષાને જગાડનારા, વિષયભાવને વધારનારા, આસક્તિને ઉછેરનારા અને બહિરાત્મદશાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિશામાં ખેંચી જનારા સુંદર સુંદર મકાનો, વસ્ત્રો, ખોરાક તેમજ બીજા પણ જડના વિકારો વિકાસી આત્માને વિષ જેવા છે.

જ્યાં સુધી પૌદ્ગલિક વસ્તુઓમાં આનંદ, સુખ તથા સગવડતાની ખાતર ઉપયોગીપણું જણાતું હોય ત્યાં સુધી વિકાસને માટે અનધિકારીપણું કહી શકાય, કારણ કે વિકાસદૃષ્ટિ બન્યા સિવાય વિકાસ સાધી શકાતો નથી. પૌદ્ગલિક વસ્તુઓમાં રોચકપણું તે વિલાસદૃષ્ટિનું પરિણામ છે. આવી વિલાસદૃષ્ટિથી આત્મા ઉપર રહેલાં કર્મનાં આવરણો ખસી શકતાં નથી એટલે આત્માનો વિકાસ થઇ શકતો નથી, પરન્તુ પુદ્ગલોની ચાહનાથી કર્મના પુદ્ગલોનો આત્માની સાથે સંબંધ થવાથી આત્માના ગુણો વધારે ને વધારે ઢંકાતા જાય છે.

આત્મકલ્યાણની કામનાથી વિલાસનાં સાધનો છોડવામાં આવે છે તો પણ નિશ્ચિત વિકાસ થઈ શકતો નથી, કારણ કે કલ્યાણનું યથાર્થ સ્વરૂપ સમજવું બહુ જ કઠણ છે. સંસારમાં પૌદ્ગલિક સુખોની ઇચ્છાથી પુણ્ય કર્મ ઉપાર્જન કરીને દેવગતિ મેળવવામાં કલ્યાણ માનવાવાળા ઘણા છે, પણ કર્મક્ષય થવાથી આત્મિક ગુણો પ્રગટ થવામાં કલ્યાણ માનવાવાળા બહુ ઓછા છે. તેમજ બહારથી વિલાસના સાધનો છોડવા છતાં પણ અંતઃકરણમાંથી વિલાસની ભાવનાઓ ભુંસાતી નથી. આના બે કાર્યો પ્રત્યક્ષપણે અનુભવાય છે : એક તો ધર્મના બહાના નીચે અને ધર્મનું સાધન દેહના બહાના તળે છોડી દીધેલા વિલાસના સાધનોનો ઉપયોગ કરવો અને બીજું સારામાં સારા સાધનો મેળવવાની ઇચ્છા. આ પ્રમાણે પરપૌદ્ગલિક વસ્તુઓમાંથી આસક્તિ ભાવ છોડ્યા સિવાય દેખાવપૂરતા બહારથી વિલાસના સાધનો છોડવા માત્રથી વિકાસી બની શકાતું નથી.

જ્યાં વિલાસના સાધનો પુષ્કળ હોય અને તેને વધારે મોહક બનાવીને તેનો ઉપભોગ કરનારા વિલાસીઓ વસતા હોય એવા સ્થળો વિકાસ મેળવનારાઓને અત્યંત વિઘ્નકર્ત્તા થઇ પડે છે. વિકાસની પૂર્ણ ઇચ્છાવાળા મહાપુરુષો આવા સ્થળોને સર્વથા પસંદ કરતા નથી, કારણ કે વિલાસ તથા વિલાસી અનાદિ કાળથી વિલાસના સંસ્કારવાળા વિલાસી આત્માને પોતાના તરફ ખેંચી જવાના જ. વિલાસ ન કરવાની પ્રતિજ્ઞા કરીને છોડી દીધેલા વિલાસોને પણ પાછા ભોગવવાની ઇચ્છાઓ જાગ્રત થવાની જ. કદાચ કેટલાક બંધનોને લઈને વિલાસી બનવાનો અવકાશ ન મળે તો પણ નિરંતર વિલાસ કરવાની સ્ફુરણાઓ બની રહેવાથી વિકાસ તો નહિ જ થવાનો. જ્યાં સુધી વિલાસના પરિણામના ઉત્પાદક કામ, રાગ, મદ, મોહ, અજ્ઞાન આદિ કર્મ સત્તામાં વિદ્યમાન છે ત્યાં સુધી તો વિકાસની ઇચ્છાવાળા આત્માએ વિલાસી દુનિયાથી વિમુક્ત રહેવાની જરૂરત છે.

**'જો અશુચિમાં આળોટીને પવિત્ર બની શકાતું હોય તો જ વિલાસી દુનિઆમાં વસીને વિકાસી બની શકાય.'**

શત્રુના ઘરમાં રહીને શત્રુનો નાશ કરવો જેટલો કઠિન છે તેના કરતાં પણ વધારે કઠણ ક્રિયા મોહના ઘરમાં રહીને મોહનો નાશ કરવાની છે. શ્રી મહાવીર પ્રભુ જેવા સમર્થ પુરુષો પણ બાર વર્ષ સુધી મૌનપણે વગડામાં વિચર્યા છે ત્યારે જ વિકાસ સાધી શકયા છે તો પછી અલ્પ સત્તાવાળા, મોહનીય કર્મથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાસ્ત બનેલા આત્માઓ નિરંતર વિલાસી દુનિયાના સંસર્ગમાં રહીને કેવી રીતે વિકાસ સાધી શકે ?

પરપૌદ્ગલિક પરિણતીમાં તન્મય થવારૂપ વિલાસ અને સ્વપરિણતિ આત્મસ્વરૂપમાં રમણતારૂપ વિકાસમાં કાચ અને કોહીનૂર જેટલું અંતર છે. કાચ કોહીનૂરનું કાર્ય સાધી શકતો નથી, કાચના મણકાની માળા પહેરીને આનંદ માનનાર અમૂલ્ય કોહીનૂરને મેળવી શકતો નથી. તેવી જ રીતે બાગ, બંગલા, ઘરેણાં, વસ્ત્ર, મિષ્ટ ભોજન, સંગીત અને સુગંધી આદિ વિલાસના સાધનોમાં સુંદરતા, મધુરતા માનીને તેના ઉપભોગમાં આસક્તિ ધારણ કરનાર સાચું સુખ, જીવન, આનંદ આદિ વિકાસને મેળવી શકતો નથી.

પુદ્ગલો વિકૃત બન્યા સિવાય વિલાસના સાધન તરીકે ઉપયોગમાં આવી શકતા નથી. પૌદ્ગલિક વિકૃતિઓનો જ આસક્તિભાવે ઉપભોગ કરી આનંદ માનવામાં આવે છે. જેમકે માટી, ઇંટ, ચૂનો, લાકડાં, પત્થરો, રંગરોગાન વિગેરે વસ્તુઓના ઢગલા પડ્યા હોય ત્યાં સુધી વિલાસના સાધન તરીકે વાપરી શકાતા નથી; પરંતુ આ બધીએ વસ્તુના વિકારરૂપ બંગલો બનાવવામાં આવે છે ત્યારે જ વિલાસનું સાધન બની વિલાસીને આનંદ આપે છે. તેવી જ રીતે રૂનો વિકાર વસ્ત્ર, ધાન્યનો વિકાર મિષ્ટાન્ન, માટીનો વિકાર સોનું, ચાંદી, ઝવેરાત વિગેરે, મળમૂત્રાદિ સાત ધાતુનો વિકાર, રૂપ, લાવણ્યતા, સુંદરતા વિગેરે વિલાસના સાધન બની શકે છે, કે જેને ભોગવવાની ચાહના વિલાસીઓને નિરંતર ઉદ્ભવ્યા કરે છે જે વિકાસની બાધક છે.

મોહનીય કર્મને બળવાન બનાવી વિલાસની ભાવના જાગૃત કરનાર વિલાસની વસ્તુઓ તથા વિલાસીઓનો સહવાસ વિકાસી કદાપિ કરતો નથી, અને જે સહવાસમાં રહેવાનું પસંદ કરે છે અથવા તો રહે છે તે વિલાસનો ઇચ્છુક છે પણ વિકાસનો નથી. વિલાસની ક્ષુદ્ર તૃષ્ણાઓ સંતોષવાને વિલાસ તથા વિલાસીઓના સંસર્ગમાં રહીને વિકાસ સાધવાનો ડોળમાત્ર કરવાથી વિનાશ જ થાય છે પણ વિકાસ થઈ શકતો નથી.

આંખને ગમે તેવા સુંદર વસ્ત્રો તથા આભૂષણોમાં સજ્જ થએલા, સુંદર લાગતી આકૃતિ તથા રૂપવાળા સ્ત્રીપુરુષો, વિલાસીઓની જેમ, જેમાં રહેવાનું બહુ જ ગમે અને ચિત્તમાં આહ્લાદ ઉત્પન્ન થાય એવા બાગબંગલાઓ, બહુ જ રસવાળા મધુર અને જેને વાપરવાની વારે ઘડીએ ઇચ્છા થાય તેવાં ભોજનો, શરીરની સુંદરતામાં વધારો કરીને બીજાનાં ચિત્ત આકર્ષાય તેવાં વસ્ત્રો–આ બધીએ વસ્તુઓ વિકાસને રોકનારી છે; માટે વિકાસી પુરુષો આવી વસ્તુઓથી વેગળા જ રહે છે. એ વસ્તુને વાપરવાની ઇચ્છા તો દૂર રહી પણ બહુ જ સહેલાઈથી એ વસ્તુઓ જ્યાં મળતી હોય, જોવામાં આવતી હોય તેવા સ્થાનોએ રહેવાનું પણ પસંદ કરતા નથી.

આ પ્રમાણે વિલાસ તથા વિલાસીઓ વિકાસના સંપૂર્ણ બાધક હોવાથી વિકાસ મેળવવામાં તેમની સર્વથા આવશ્યકતા નથી. આ બન્ને મનોવૃત્તિમાં વર્તતા હોય ત્યાં સુધી તેઓ વિકાસનાં સર્વથા અનધિકારી છે, માટે વિકાસના અધિકારી પુરુષો તો વિલાસી દુનિયાથી પર જ રહેવાના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હરિભદ્રસૂરિ

શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું જીવન અને તેઓશ્રીનું રચિત સાહિત્ય માટે હિંદી ભાષામાં શ્રી **અનેકાન્ત** ( વર્ષ ૩ જું, કિરણ ચોથું ) માસિકમાં એક વિદ્વત્તાભરેલો લેખ પંડિતજી શ્રી રતનલાલ સંઘવી ન્યાયતીર્થ ન્યાયવિશારદે આપેલ જે ઉપયોગી હોવાથી તેનો ગુજરાતી અનુવાદ અહિં આપવામાં આવે છે.

## વિષયપ્રવેશ—

**ભારતીય** સાહિત્યકારો અને ભારતીય વાઙ્મયના ઉપાસકોમાં સાહિત્યમહારથિ, આચાર્યપ્રવર, વિદ્વાન–ચક્ર-ચૂડામણિ, વાદીમત્તંગજકેસરી, યાકિનીસૂનુ, મહામાન્ય શ્રી હરિભદ્રસૂરિનું સૌથી શ્રેષ્ઠ સ્થાન છે. તેમની પ્રખર–પ્રતિભા, બહુશ્રુતતા, વિચારપૂર્ણ મધ્યસ્થતા, અગાધ ગંભીરતા, વિચક્ષણ વાગ્મિતા અને મૌલિક એવં અસાધારણ સાહિત્ય-સૃજન–શક્તિ આદિ અનેક સુવાસિત સદ્‌ગુણ તેમની મહાનતા અને દિવ્યતાને આજ પણ નિર્વિવાદરૂપે પ્રગટ કરે છે. તેમના દ્વારા વિરચિત અનુપમ સાહિત્યરાશિમાંથી ઉપલબ્ધ અંશનું અવલોકન કરવાથી એ સ્પષ્ટરૂપે અને સમ્યક્ પ્રકારે પ્રતીત થશે કે તેઓ ભારતીય સાહિત્ય–સંસ્કૃતિના એક ધુરીણતમ વિદ્વાન અને ઉજ્જ્વળ રત્ન હતા.

તેમની પીયૂષવર્ષિણી લેખનીથી નિઃસૃત સુમધુર સાહિત્ય–ધારાનું આસ્વાદન કરવાથી એ નિષ્કર્ષ પર પહોંચી શકીએ કે **જૈન** આગમ સાહિત્ય-( મૂલ, નિર્યુક્તિઓ આદિ )થી ઇતર ઉપલબ્ધ **જૈન** સાહિત્યમાં અર્થાત્ Classical Jain Literature માં જો સિદ્ધસેન દિવાકર સૂર્ય છે તો આચાર્ય શ્રી હરિભદ્ર શારદિય પૂર્ણિમાનો સૌમ્ય ચંદ્ર છે. જો આવી અલંકારિક ભાષામાં **જૈન**સાહિત્યાકાશનું વર્ણન કરીએ તો કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્ર ધ્રુવના તારા સમાન છે. આ પ્રકારે **જૈન**સાહિત્યાકાશના આ સૂર્ય, ચંદ્ર અને ધ્રુવ તારાદ્વારા પ્રદર્શિત દિશા–નિર્દેશે કોઇ પણ **જૈન**સાહિત્યનો મુમુક્ષુ પથભ્રષ્ટ નથી થતો.

**જૈન** પુરાતત્ત્વસાહિત્યના આચાર્ય શ્રી જિનવિજયજીએ લખ્યું છે કે–" શ્રી હરિભદ્રસૂરિનો પ્રાદુર્ભાવ જૈન ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન રાખે છે. જૈનધર્મના–જેમાં મુખ્યત્વે શ્વેતાંબર સંપ્રદાયના–ઉત્તરકાલીન સ્વરૂપ સંગઠનકાર્યમાં તેમના જીવને મોટો ભાગ લીધો છે. ઉત્તરકાલીન **જૈન**સાહિત્યના ઇતિહાસમાં તેઓ પ્રથમ લેખક છે એમ માનવું યોગ્ય છે, તેમજ જૈન સમાજના ઇતિહાસમાં નવીન સંગઠનના એક પ્રધાન વ્યવસ્થાપક કહેવાને યોગ્ય છે. એ રીતે તેઓ જૈનધર્મના પૂર્વકાલીન અને ઉત્તરકાલીન ઇતિહાસના મધ્યવર્તી સીમાસ્તંભ સમાન છે.

એ પ્રકારે આચાર્ય શ્રી હરિભદ્ર વિદ્વત્તાની દૃષ્ટિએ તો ધુરીણતમ જ છે. આચાર, વિચાર અને સુધારાની દૃષ્ટિએ પણ તેમનું સ્થાન શ્રેષ્ઠ જ છે. તેઓ પોતાના પ્રકાંડ પાંડિત્યગર્ભિત, પ્રૌઢ અને ઉચ્ચ કોટિના દાર્શનિક એવં તાત્ત્વિક ગ્રંથોમાં જૈનેતર ગ્રંથકારોની કૃતિઓની આલોચના, પ્રત્યાલોચના કરતી વખતે પણ તે ભારતીય સાહિત્યકારોનો ગૌરવ અને પ્રતિષ્ઠાપૂર્વક ઉદાર અને મધુર શબ્દોદ્વારા સમુલ્લેખ કરે છે. દાર્શનિક સંઘર્ષણજનિત તત્કાલીન આક્ષેપમય વાતાવરણમાં પણ આવા પ્રકારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદારતા રાખવી તે આચાર્યશ્રી હરિભદ્રસૂરિની શ્રેષ્ઠતાનું સુંદર અને પ્રમાણિક પ્રમાણ છે. એ દૃષ્ટિએ આ કોટિના ભારતીય સાહિત્યિક વિદ્વાનોની શ્રેણીમાં શ્રી હરિભદ્રસૂરિનું નામ પ્રથમ પંક્તિમાં લખવા યોગ્ય છે.

જૈન સમાજમાં શ્રી હરિભદ્રસૂરિ નામવાળા અનેક જૈનાચાર્ય અને ગ્રંથકાર છે, કિંતુ પ્રસ્તુત હરિભદ્ર એ છે જેઓ યાકિનીમહત્તરાસૂનુને નામે પ્રસિદ્ધ છે. એ જ આચાર્ય શેષ બીજા બધા હરિભદ્રોની અપેક્ષાએ ગુણોમાં, ગ્રંથરચનાઓમાં અને જિનશાસનની પ્રભાવના કરવામાં અદ્વિતીય છે. તેમનો કાલ શ્રી જિનવિજયજીએ ઇ. સ. ૭૦૦ થી ૭૭૦ સુધી અર્થાત્ વિક્રમ સંવત ૭૫૭ થી ૮૨૭ સુધીનો નિશ્ચિત કર્યો છે, જેનો જૈન સાહિત્યના પ્રગાઢ અભ્યાસી સ્વર્ગીય પ્રોફેસર હરમન જેકોબીએ પણ સ્વીકાર કર્યો છે અને જે છેવટે સર્વમાન્ય પણ થયેલ છે. હરિભદ્ર નામના જેટલા જૈન સાહિત્યકાર થયા છે તેમાંથી ચરિત્રનાયક પ્રસ્તુત શ્રી હરિભદ્ર જ સર્વપ્રથમ હરિભદ્ર છે.

દાર્શનિક, આધ્યાત્મિક, સાહિત્યિક અને સામાજિક આદિરૂપ તત્કાલીન ભારતીય સંસ્કૃતિને તથા ચારિત્રિક એવં નૈતિક સ્થિતિના ધરાતલને અધિક ઊંચે ચઢાવવાના ધ્યેયે આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ સામાજિક પ્રવાહ અને સાહિત્યધારાને ફેરવીને નવીન જ દિશા તરફ અભિમુખ કરી દીધી, સામાજિક વિકૃતિ પ્રતિ કઠોર રૂપ ધારણ કરી અને તેની કડક સમાલોચના કરી, વિરોધજન્ય કઠિનતાઓનો વીરતાપૂર્વક સામનો કર્યો, કિંતુ સત્ય માર્ગેથી જરાપણ વિચલિત ન થયા. આ જ કારણ હતું કે જેનાથી સમાજમાં પુનઃ સ્વસ્થતાપ્રદાયક નવીનતા આવી અને ભગવાન મહાવીરસ્વામીના આચારક્ષેત્ર પ્રતિ પુનઃ જનતાની શ્રદ્ધા અને ભક્તિ વધી.

જેવી રીતે આચાર્ય સિદ્ધસેનદિવાકર અને સ્વામી સમંતભદ્રનું જિનશાસનની પ્રભાવના કરવામાં એવં જૈન સાહિત્યની ધારામાં વિશેષતા પ્રદાન કરવામાં સમાન સ્થાન છે એવું જ મહત્ત્વપૂર્ણ અને આદર્શ સ્થાન સાહિત્યક્ષેત્રમાં એવં મુખ્યતઃ ન્યાયસાહિત્યક્ષેત્રમાં ભટ્ટ અકલંકદેવ અને આચાર્ય હરિભદ્રનું સમજવું જોઇએ. આશ્ચર્ય તો એ છે કે એ બંનેના જીવનચરિત્રમાં પણ થોડા ફેરફાર સાથે પૂરતું સામ્ય છે. એ બંનેએ જ સાહિત્યક્ષેત્રમાં એવી મૌલિકતા પ્રદાન કરી છે કે જેનાથી તેમાં સજીવતા–સ્ફૂર્તિ, નવીનતા અને વિશેષતા આવી છે. આ મૌલિકતાએ જે ભારતીય ધાર્મિક ક્ષેત્રમાં જૈન ધર્મને પુનઃ એક જીવિત એવં સમર્થ ધર્મ બનાવી તેને "જન સાધારણ હિતકારી ધર્મ" એવા રૂપમાં પરિણત કરેલ છે. કંઇક સમય પશ્ચાત્ જૈન ધર્મ પુનઃ રાજધર્મ થયો અને એ પ્રભાવનું એ ફલ હતું કે હેમચંદ્ર અને અમારિપડહ–પ્રવર્તક સમ્રાટ કુમારપાળ સરખી વ્યક્તિઓ જૈન સમાજમાં અવતીર્ણ થઇ. તે આચાર્યોદ્વારા વિરચિત સાહિત્યના પ્રભાવે દક્ષિણ ભારત, ગુજરાત તથા તેની આસપાસના પ્રદેશોમાં જૈન ધર્મ, જૈન સાહિત્ય અને જૈન સમાજ સમર્થ એવં અનેક સદ્દગુણો યુક્ત અને ઉચ્ચ કોટિની ધાર્મિક અને નૈતિક સંસ્કૃતિના રૂપે પુનઃ પ્રખ્યાત થયો. એ કારણો પર દૃષ્ટિપાત કરવાથી અને તાત્કાલિક પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાથી એ સિદ્ધ થાય છે કે શ્રી હરિભદ્રસૂરિ એક યુગપ્રધાન અને યુગનિર્માતા આચાર્ય હતા.

આચારક્ષેત્ર, વિચારક્ષેત્ર અને સાહિત્યક્ષેત્રમાં તેમના દ્વારા નિયોજિત મૌલિકતા, નવીનતા અને અનેકવિધ વિશેષતાને જોઇને એમ કહી શકાય કે **આચાર્ય હરિભદ્ર કલિકાલના સુધર્માસ્વામી** છે. નિબંધના હવે પછીના ભાગમાં પાઠકો એ જાણશે કે ઉપર્યુક્ત કથન અતિ રંજિત ને કેવળ કાવ્યાત્મક વાક્ય જ નથી બલ્કે તેમાં તથ્યાંશ પણ છે.

## પૂર્વકાલીન અને તત્કાલીન સ્થિતિ—

ભગવાન મહાવીરસ્વામી, સુધર્માસ્વામી અને જંબૂસ્વામીના નિર્વાણકાળ બાદ જૈન આચાર અને જૈન સાહિત્યધારામાં પરિવર્તનનો આરંભ થયો હતો. જૈન પારિભાષિક ભાષામાં તો કેવળજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો સર્વથા અભાવ થયો હતો અને સાધુઓમાં પણ આચારવિષયને લગતો સંઘર્ષ પણ થયો હતો. જો કે થોડા સમય બાદ શ્વેતાંબર–દિગંબર રૂપમાં ફૂટ પડી. વીર સંવતની બીજી શતાબ્દિની મધ્યમાં અર્થાત્ વીરાત્ ૧૫૬ વર્ષ બાદ શ્રી ભદ્રબાહુસ્વામી, જેમનો સ્વર્ગવાસ સંવત વીરાત્ ૧૭૦ માનવામાં આવે છે તેઓ અંતિમ પૂર્ણ શ્રુતકેવલી થયા. શ્રુતકેવળ-જ્ઞાન અર્થાત્ ચૌદ પૂર્વોનું જ્ઞાન એવં અન્ય આગમ-જ્ઞાન પણ શ્રી ભદ્રબાહુસ્વામી પછી ક્રમશઃ ધીરે ધીરે ઘટતું ગયું અને એ પ્રમાણે વીરની નવમો શતાબ્દિ સુધીના કાળમાં યાને દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણના કાળ સુધી અતિસ્વલ્પ માત્રામાં જ જ્ઞાનનો અંશ અવશિષ્ટ રહ્યો હતો. શ્રી હરિભદ્રસૂરિનો કાળ વીરની ૧૩ મી શતાબ્દિનો છે. આ ૧૩૦૦ વર્ષોનું સાહિત્ય વર્તમાનમાં ઉપલબ્ધ સંપૂર્ણ જૈન વાઙ્મયની તુલનામાં અષ્ટમાંશ બરાબર હશે. આ કથન પરિમાણની અપેક્ષાએ સમજવું જોઈએ, મહત્વની દૃષ્ટિએ નહી. પૂર્વ શતાબ્દિઓનું સાહિત્ય પાછળની શતાબ્દિઓની અપેક્ષાએ બહુ મહત્ત્વશાલી છે તેમાં તો કહેવું જ શું ?

આ પ્રથમ તેર શતાબ્દિઓના સાહિત્યમાંથી વર્તમાન ઉપલબ્ધ થોડાક મૂળ આગમ, ભદ્રબાહુ-સ્વામીકૃત થોડીક નિર્યુક્તિઓ, ઉમાસ્વાતીકૃત તત્ત્વાર્થ સૂત્ર આદિ ગ્રંથ, પાદલિપ્તસૂરિની થોડીક સારાંશરૂપ કૃતિઓ, સિદ્ધસેન દિવાકરની રચનાઓ, સિંહક્ષમાશ્રમણસૂરિનું નયચક્રવાલ અને શિવશર્મ-સૂરિ, ચંદ્રર્ષિ, કાલિકાચાર્ય, સંઘદાસ, ધર્મસેન અને સામંતભદ્ર ગણિ ક્ષમાશ્રમણ આદિ આચાર્યો-દ્વારા રચિત થોડાક ગ્રંથો મળી આવે છે, કિંતુ સ્થૂલભદ્ર આદિ અનેક ગંભીર વિદ્વાન આચાર્ય વીર સંવતની આ તેર શતાબ્દિઓમાં થયેલ છે. એ મહાપુરુષોએ સાહિત્યની રચના તો અવસ્ય કરેલ હશે જ, કારણ કે જૈન સાધુઓનું જીવન નિવૃત્તિમય હોવાથી–સાંસારિક જંજાળોનો અભાવ હોવાથી–સારું ય જીવન સાહિત્યસેવા અને જ્ઞાન-આરાધનમાં જ વિતાવે છે. એથી જૈન સાહિત્ય વીર નિર્વાણ પશ્ચાત્ સેંકડો વિદ્વાન સાધુઓદ્વારા વિપુલ માત્રામાં રચાયું તો અવસ્ય છે, કિંતુ તે જૈનેતર વિદ્વેષીઓદ્વારા તેમજ મુસ્લિમ યુગની રાજ્ય-ક્રાંતિઓદ્વારા નષ્ટ થયું છે એમ નિશ્ચયાત્મકપણે પ્રતીત થાય છે.

બૌદ્ધધર્મ અને જૈનધર્મે વૈદિક એકાંત માન્યતાઓ પર કઠિન પ્રહાર કર્યો છે, અને બૌદ્ધધર્મની વિચારપ્રણાલિકાથી તો જણાય છે કે બૌદ્ધ દાર્શનિકોએ જૈન ધર્મ અને વૈદિક ધર્મનો ભારતમાંથી સમૂળ નષ્ટ કરવાનો નિશ્ચય પણ કર્યો હતો. અને વિભિન્ન પ્રણાલિકાઓદ્વારા એવો ગંભીર ધક્કો દેવાનો પ્રયત્ન કર્યો હતો કે જેથી એ બેઉ ધર્મ કેવળ નામશેષ અવસ્થામાં રહેવા પામે. આ ઉદ્દેશની પૂર્તિને માટે બૌદ્ધ સાધુ અને બૌદ્ધ અનુયાયી જનસાધારણને મંત્ર, તંત્ર અને ઔષધિ આદિ તેમજ ધનાદિની સહાયતા આપી હરેક પ્રકારે સેવા–સુશ્રૂષા કરવા લાગ્યા અને એ રીતે જનસાધારણને ઉપદેશ એવં લોભ આદિ અનેક ક્રિયાઓદ્વારા બૌદ્ધ-ધર્મ તરફ આકર્ષિત કરવા લાગ્યા. અશોક જેવા સમર્થ સમ્રાટોને બૌદ્ધ બનાવ્યા અને એ પ્રમાણે ભૂમિ તૈયાર કરીને વૈદિક ધર્મ તેમજ જૈન ધર્મને હાનિ પહોંચાડવા લાગ્યા. વૈદિક સાહિત્ય અને જૈન સાહિત્યને પણ નષ્ટ કરવા લાગ્યા અને સેંકડો ગ્રંથભંડાર નાબૂદ કર્યા.

કંઈક કાળ પશ્ચાત્ બૌદ્ધ સાધુઓમાં પણ વિકૃતિ અને શિથિલતા આવી. ઇંદ્રિય–પોષણની પ્રવૃત્તિ અધિક વધી. કેવળ શુષ્ક તર્કબલના બળે જ પોતાની મર્યાદાની રક્ષા કરવા લાગ્યા અને ઇતર ધર્મો પ્રતિ વિદ્વેષની ભાવનામાં અધિક વૃદ્ધિ કરી. આ કારણે બૌદ્ધોને હાંકી કાઢવાને ઉત્તર ભારતમાં સમય આવતાં શંકરાચાર્યે પ્રયત્ન કર્યો, દક્ષિણમાં કુમારિલ ભટ્ટે પ્રયાસ કર્યો જ્યારે ગુજરાત આદિ પ્રદેશોમાં જૈનાચાર્યોએ આ દિશામાં પ્રયાસ કર્યો. બૌદ્ધોનું બળ ક્રમશઃ ઘટવા લાગ્યું અને વૈદિક સત્તા પુનઃ ધીરે ધીરે પૂર્વ સમયની માફક જામવા લાગી. રાજા મહારાજા પુનઃ વૈદિક ધર્મમાં દીક્ષિત થયા અને એ પ્રમાણે વૈદિક ધર્મ પોતાની પૂર્વાવસ્થામાં આવતા જ બૌદ્ધધર્મની સાથે સાથે જૈનધર્મનો પણ નાશ કરવાને ઉદ્યત થયો. એ રીતે પહેલાં બૌદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાર્શનિક અને પછી વૈદિક દાર્શનિક બંને જૈન સાહિત્ય પર તૂટી પડયા અને અનેક જૈન સાહિત્યના પ્રાચીન ભંડારોને અગ્નિને સમર્પણ કરી નષ્ટ કર્યા. આ કારણો સાથે ભયંકર દુષ્કાળ અને રાજક્રાંતિઓ પણ જૈન સાહિત્યને નષ્ટ કરવામાં કારણભૂત થઇ અને આ જ કારણે શ્રી હરિભદ્રસૂરિના પૂર્વેનું જૈન સાહિત્ય આટલું અલ્પ માત્રામાં જ મળી આવે છે. જે કંઇ પણ વર્તમાનમાં ઉપલબ્ધ છે તેનો ⅘ ભાગ શ્રી હરિભદ્રસૂરિના કાલથી માંડીને તત્પશ્ચાત્ કાળનો છે. સાહિત્ય ક્ષેત્રમાં હરિભદ્રસૂરિનું અસાધારણ સ્થાન છે એ નિઃસંકોચરૂપે કહી શકાય.

ભારતીય સાહિત્યનું દુર્દૈવપણું અહીં જ સમાપ્ત થતું નથી. ભારત પર મુસલમાનોનું આક્રમણ શરૂ થયું. ધન અપહરણ કરવા સાથે ધર્માંધ મુસલમાનોએ ભારતીય સાહિત્ય પણ નષ્ટ કરવાનો પ્રારંભ કર્યો અને એ રીતે બચેલ સાહિત્યનો ઘણોખરો અંશ આ રાજ્યક્રાંતિના સમયમાં નષ્ટ થયો. આ કાલમાં જૈન સાહિત્યની રક્ષા કરવાના દષ્ટિકોણે બચેલ સાહિત્ય ગુપ્તભંડારોમાં રાખવામાં આવ્યું; કિન્તુ કેટલાક એવા રક્ષક પણ મળ્યા કે જેના ઉત્તરાધિકારીઓએ ભંડારોનું મુખ સેંકડો વર્ષ સુધી ઉઘાડયું પણ નહિ. પરિણામે ઘણું સાહિત્ય જંતુઓએ નષ્ટ કર્યું, પાના સડી ગયા અને અસ્તવ્યસ્ત થઇ ગયા. જૈન સાહિત્ય એ સ્થિતિમાં કયાં સુધી જીવિત રહે? આ કારણે શ્રી હરિભદ્રસૂરિની પહેલાંનું સાહિત્ય ⅕ ભાગ બરાબર છે અને એ પછીનું ⅘ ભાગ બરાબર છે. આ તો થયું શ્રી હરિભદ્રસૂરિની પૂર્વકાલની અને તત્કાલીન સાહિત્યિક સ્થિતિનું સિંહાવલોકન. એ પ્રમાણે આચાર વિષયક સ્થિતિ તરફ દૃષ્ટિપાત કરવો પણ અપ્રાસંગિક નહિ ગણાય

એ પહેલા પણ લખવામાં આવ્યું છે કે આચારવિષયક મતભેદનું એટલું બધું પ્રમાણ હતું કે તેનાથી શ્વેતાંબર અને દિગંબર રૂપે બે ભેદ થયા હતા. સ્થિતિ આટલેથી જ નથી અટકી જતી. આચારશિથિલતા દિનપ્રતિદિન વધતી ગઇ. ઇંદ્રિયવિજયતા અને ઇંદ્રિયદમનના સ્થાને ઇંદ્રિયલોલુપતા, સ્વાર્થપરતા એવં યશોલિપ્સા આદિ અનેક દુર્ગુણોનું સામ્રાજ્ય આચારક્ષેત્રમાં પોતાના પગ ધીમે ધીમે કિંતુ મજબૂત રીતે જમાવા લાગ્યું હતું. સાધુઓનું પતન શોચનીય દશાને પામ્યું હતું. આચાર્ય હરિભદ્રસૂરિએ આ પરિસ્થિતિની અત્યંત કઠોર સમાલોચના કરી છે. તેમની શકિતના પ્રભાવે જનતા તેમજ સાધુ સંસ્થા પુનઃ વાસ્તવિક અને આદર્શ માર્ગ પ્રતિ શ્રદ્ધામય અને ભક્તિશીલ થઈ. આચાર્ય હરિભદ્રસૂરિએ પોતાના 'સંબોધ પ્રકરણ'માં તત્કાલીન પરિસ્થિતિનું વર્ણન કર્યું છે કે "એ સાધુઓ ચૈત્ય અને મઠમાં રહે છે. પૂજા આદિ ક્રિયાઓનો આરંભ-સમારંભ કરે છે. પોતા માટે દેવદ્રવ્યનો ઉપયોગ કરે છે. જિનમંદિર અને શાળાઓનું નિર્માણ કરાવે છે. તેના મુહૂર્ત બતાવે છે. નિમિત્ત જણાવે છે. તેઓનું કહેવું છે કે શ્રાવકોને સૂક્ષ્મ વાતો નહી કહેવી જોઇએ. તેઓ રાખ પણ તંત્રરૂપે આપે છે. તેઓ વિવિધરંગી સુગંધિત અને ધુપિત વસ્ત્રો પહેરે છે. સ્ત્રીઓ સામે ગાય છે. સાધ્વીઓ દ્વારા લવાયેલ આહારપાણી કામમાં લે છે. તીર્થસ્થાનના પંડયા સમાન અધર્મથી ધન એકઠું કરે છે. દિવસમાં બે ત્રણ વાર ખાય છે. તાંબૂલ આદિ વસ્તુ પણ ખાય છે. ઘી દૂધ આદિનો પણ ખૂબ ઉપયોગ કરે છે. ફળ, ફૂલ, સચિત્ત પાણીનો પણ ઉપયોગ કરે છે. આહાર માટે ખુશામદ પણ કરે છે. પૂછવા છતાં પણ સત્ય ધર્મનો માર્ગ બતાવતા નથી. પ્રાતઃ-કાલમાં સૂર્યોદય થતાં જ ખાય છે.

વિકૃતિ ઉત્પન્ન કરવાવાળા પદાર્થોનું પણ વારંવાર સેવન કરે છે. કેશલોચ પણ કરતા નથી. શરીરનો મેલ ઉતારે છે. સાધુ યોગ્ય કરણીય શુદ્ધ ચારિત્ર અનુરૂપ ક્રિયાઓ કરતાં પણ લજ્જિત થાય છે. અકારણ કપડાં વધારે રાખે છે. સ્વયંપતિત હોવા છતાં પણ બીજાને પ્રાયશ્ચિત્ત આપે છે. પડિલેહણા (પ્રતિલેખના) પણ કરતા નથી. વસ્ત્ર, શય્યા, જોડા, વાહન, આયુધ અને ત્રાંબાદિના પાત્ર રાખે છે. સ્નાન કરે છે. સુગંધિત તેલનો ઉપયોગ કરે છે. શૃંગાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. અત્તર ફુલેલ લગાવે છે. 'અમુક ગામ મારું અમુક કુલ મારું' એવો મમત્વભાવ રાખે છે. સ્ત્રીઓ સાથે પ્રસંગ પાડે છે. શ્રાવકોને કહે છે કે મૃતકાર્ય સમય જિનપૂજા કરો અને મૃતકોનું ધન જિનદાનમાં આપો. પૈસા માટે અંગ ઉપાંગ આદિ સૂત્રો શ્રાવકો પાસે વાંચે છે. શાલામાં કે ગૃહસ્થોના ઘરે પાક પદાર્થ તૈયાર કરાવે છે. પતિતચારિત્રવાળા તેમના ગુરુના દાહસ્થલે સ્મારક બનાવે છે. બલિ આપે છે. સાધ્વીઓ પણ કેવળ પુરુષો આગળ વ્યાખ્યાન કરે છે. ભિક્ષાર્થે ઘર ઘર નથી જતાં. મંડલીમાં બેસીને પણ ભોજન નથી કરતા. સંપૂર્ણ રાત્રિ સૂએ છે. ગુણવાનો પ્રતિ દ્વેષ રાખે છે. ક્રય-વિક્રય કરે છે. પ્રવચનની છાયામાં વિકથાઓ કરે છે. ધન આપીને નાના બાળકોને શિષ્ય કરે છે. મુગ્ધ પુરુષોને ઠગે છે. જિનપ્રતિમાઓનો ક્રય-વિક્રય કરે છે. ઉચ્ચાટન આદિ મંત્ર તંત્ર કરે છે, દોરા–ધાગા કરે છે. શાસનપ્રભાવનાદિમાં કલહ કરે. યોગ્ય સાધુ પાસે જવાને શ્રાવકોને નિષેધ કરે છે. શ્રાપ દેવાનો ભય બતાવે છે. દ્રવ્ય આપી અયોગ્ય શિષ્યો ખરીદે છે. વ્યાજનો ધંધો કરે છે. અયોગ્ય કામોમાં પણ શાસનપ્રભાવના બતાવે છે. પ્રવચનમાં કથન નહિ કરાએલ ઉપર પણ તપની પ્રરૂપણા કરી તેનો મહોત્સવ કરાવે છે. પોતાના ઉપયોગ માટે વસ્ત્ર પાત્ર આદિ ઉપકરણ અને દ્રવ્ય પોતાના શ્રાવકોના ઘરે એકઠું કરાવે છે. શાસ્ત્ર સંભળાવી શ્રાવકો પાસે બનતી આશા રાખે છે. જ્ઞાનકોશની વૃદ્ધિ માટે ધન એકઠું કરે છે અને કરાવે છે. આપસમાં સદૈવ કલહ કરતા રહે છે. પોતપોતાની તારીફ કરી અન્ય સદાચારીને વિરોધ કરે છે. બધા નામધારી સાધુ સ્ત્રીઓને જ ઉપદેશ આપે છે. સ્વચ્છંદે વિચરે છે. પોતાના ભક્તના નાના ગુણો મોટા કરી બતાવે છે. વિભિન્ન કારણ બતાવી અનેક ઉપકરણ રાખે છે. ઘેર ઘેર કથાઓ કહેતા રહે છે. સઘળા પોતાને અહમીંદ્ર સમજે છે. સ્વાર્થ સમયે નમ્ર બને છે અને સ્વાર્થ પૂરો થતા ઇર્ષા કરે છે. ગૃહસ્થોનું બહુ-માન કરે છે. ગૃહસ્થોને સંયમના મિત્ર બનાવે છે. પરસ્પર લડી શિષ્યો માટે પણ કલહ કરે છે."

આ પ્રકારે આચારવિષયક શોચનીય સ્થિતિનું વર્ણન કરતાં અંતમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ કહે કે–"એ સાધુઓ નથી કિંતુ પેટ ભરવાવાળા છે." તેઓનું (સાધુઓનું) એમ કહેવું છે કે "તીર્થંકરનો વેશ પહેરવાવાળા વંદનીય છે"–આચાર્યશ્રીએ એવા સાધુઓની "નિર્લજ્જ, અમર્યાદ, ક્રૂર" આદિ વિશે-ષણોથી ગંભીર નિંદા કરી છે. આવું જ સાધુ–ચરિત્રચિત્રણ મહાનિશીથ, શતપદી આદિ ગ્રંથોમાં પણ મળી આવે છે.

ભગવાન મહાવીરસ્વામી દ્વારા પ્રદર્શિત આચાર-પદ્ધતિ એક આદર્શ ત્યાગવૃત્તિ અને અસિધારા સમાન અત્યંત કડક અને અસાધારણ નિવૃત્તિમય માર્ગ છે. આ માર્ગમાં સર્વ પ્રકારના દુ;ખ, કઠિનતા, ઉપસર્ગ એવં પરિષહસહન કરવા પડે છે. સ્વયં ભગવાન મહાવીરસ્વામીએ અત્યંત ઉગ્ર રૂપે તેનું પરિપાલન કર્યું હતું. એવી આદર્શ ત્યાગ-વૃત્તિની જૈન સાધુઓ દ્વારા જ આવી દશા કરવામાં આવતી જોઇ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિને માર્મિક એવં હાર્દિક વેદના થઇ. આચાર્યશ્રીએ વિરોધી દશામાં પણ આ સ્થિતિમાં પરિવર્તન લાવવાનો સફળ પ્રયાસ કર્યો અને પુન: સુધાર–માર્ગની શરૂઆત કરી. આ દૃષ્ટિએ શ્રી હરિભદ્રસૂરિનું સાહિત્ય ક્ષેત્રમાં જે સ્થાન છે એવું જ ગૌરવપૂર્ણ સ્થાન આચારક્ષેત્રમાં પણ સમજવું જોઇએ.

આચાર્ય હરિભદ્રસૂરિ દીર્ઘ તપસ્વી ભગવાન મહા-વીરસ્વામીના શ્રદ્ધાલુ અને સ્થિર મનોબલવાળા અનુ-યાયી હતા. એ જ કારણે પોતાના સમયમાં જૈન આચારોની આવી દશા જોઇ તેમને હાર્દિક મનો-વેદના થઇ અને તેમણે પોતાના જ્ઞાનબળ અને ચારિત્ર-બળદ્વારા આ ક્ષેત્રમાં પુનઃ દઢતા સ્થાપિત કરી.

ભગવાન મહાવીરસ્વામીના ઉદ્દેશ પૂર્ણ કરવામાં, ઉન્નત કરવામાં અને વિકસિત કરવામાં સાધુ સંસ્થાનું શ્રેષ્ઠ સ્થાન છે. તેનું મહત્ત્વ અને ગૌરવ ભૂલી નથી શકાતું. જૈનધર્મ, જૈન સમાજ અને જૈન સાહિત્ય આજે પણ જીવંત છે તેનું મૂળ કારણ અધિકાંશ આ જ સાધુ સંસ્થા છે. તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ લેખક–મોહનલાલ દીપચંદ ચોકસી ]

# 'અધ્યાત્મ' ની પિછાન

**ભૂંગીઓના** સ્વરૂપનો ખ્યાલ આપી, મુમુક્ષુ આત્માને શીતલજિનના સ્તવનરૂપે જે કક્ષાએ લાવી મૂકેલ ત્યાંથી શ્રેયાંસજિનના સ્તવનમાં 'અધ્યાત્મ' કઇ ચીડીયાનું નામ છે એ વાતની યથાર્થ પિછાન કરાવતાં યોગિરાજ એક નંબર આગળ ચઢાવી શ્રેયાંસ નામમાં સમાએલ સાચું શ્રેય યાને કલ્યાણ દર્શાવે છે.

જેણે સ્વસ્વરૂપ સંબંધી સંપૂર્ણ જ્ઞાન અખંડિતપણે પ્રાપ્ત કરેલ છે તે જ સાચો જાણકાર છે અર્થાત્ ખરો અધ્યાત્મી પણ એ જ છે જેણે આત્માના મૂળ સ્વરૂપની સાચી પિછાન થઇ છે. એ સંસારના પાદ્‌ગલિક વિલાસોમાં રાચી ફસાઇ પડે જ કેમ? ગોળ અને ખોળ વચ્ચેનો ભેદ જેમ પરીક્ષકની નજરે ચઢ્યા વિના ન રહે, હીરા અને કાચના ટુકડા વચ્ચે રહેલ ભેદ જેમ ઝવેરીની દૃષ્ટિ બહાર ન હોય તેમ આત્માની નિકટમાં વર્તતાં સ્વ અને પર અથવા તો મૂળગુણ અને કર્મમળ વચ્ચેનું અંતર અધ્યાત્મીને પારખતાં વિલંબ ન થાય. અધ્યાત્મ શબ્દનો અર્થ જ એમ જણાવે છે કે આત્માની અતિ નજીક. અને એ યથાર્થ ત્યારે જ નિવડે કે વિભાવદશા સર્વથા ત્યજી દઇ, માત્ર સ્વભાવરમણતામાં તલાલીનતા આવી હોય.

---

પવિત્રતા અને આરોગ્યાતમાં જ જૈન સંસ્કૃતિનો વિકાસ સંનિહિત છે. કિંતુ આજની સાધુ સંસ્થામાં પણ પુનઃ અનેક રોગ પ્રવિષ્ટ થઇ ગયા છે. આથી પુનઃ એવા જ શ્રીહરિભદ્રસૂરિ સમાન એક મહાપુરુષની આવશ્યકતા છે, જેથી મહાવીરસ્વામીનું આચારક્ષેત્ર ફરીથી સુદૃઢ, સ્વસ્થ અને આદર્શ બની શકે.

'સંબોધ પ્રકરણ'માં લખેલ અને અહીં ઉધ્ધૃત આ ચારિત્રપતન તત્કાલીન ચૈત્યવાસી સંપ્રદાયના સાધુઓમાં મળી આવતું હતું. આ સંપ્રદાય વિક્રમ સં. ૪૧૨ ની આસપાસમાં ઉત્પન્ન થયો હતો એવું ઉ૦ ધર્મસાગરકૃત પટ્ટાવલીથી જણાય છે. ચરિત્રનાયકનો કાળ વિક્રમ સંવત ૭૫૭ થી ૮૨૭ સુધીનો છે. આથી જણાય છે કે સંવત ૪૧૨ થી ૭૫૭ સુધીના કાળમાં આ સંપ્રદાયે પોતાના પગ બહુ જ મજબૂત બનાવ્યા હશે. શ્રી હરિભદ્રસૂરિ ચૈત્યવાસી સંપ્રદાયના હતા કે અન્ય સંપ્રદાયના એ કહેવું કઠણ છે, કિંતુ કોઇ કોઇ તેમને ચૈત્યવાસી સંપ્રદાયના પણ માને છે. તે સમયમાં ચૈત્યવાસીઓ અને વસ્તીવાસીઓ એવા બે પ્રબળ દળ ઉત્પન્ન થયા હતા. એ બેને પરસ્પરમાં સમાચારી વિષયને લઇને ખાલી વાદવિવાદ, વાગ્‌કલહ અને સંઘર્ષ ચાલતો હતો. અને એ પ્રકારે એ બેઉ વિરોધી દળ થઇ ગયા હતા એમ જણાય છે. અંતમાં ચૈત્યવાસી સંપ્રદાય વિક્રમ સં. ૧૦૦૦ ની આસપાસ સમાપ્ત થઇ ગયો અને ખરતરગચ્છના સંસ્થાપક શ્રી જિનેશ્વરસૂરિએ પોતાના અનુયાયીને માટે વિ. સં. ૧૦૮૦ માં વસ્તીવાસ સ્થિર કર્યો.

આવી પરિસ્થિતિના સિંહાવલોકને શ્રી હરિભદ્રસૂરિનો કાળ જૈન સાહિત્ય, જૈન સંસ્કૃતિ અને જૈન આચારક્ષેત્રમાં એક સંક્રાંતિકાળ કહી શકાય. આથી હરિભદ્રસૂરિનો આવિર્ભાવ જૈન ઇતિહાસમાં અત્યંત મહત્ત્વના સ્થાને છે તેથી તેમને જો '**કલિકાળસુધર્મા**' કહેવામાં આવે તો તે યુક્તિસંગત પ્રતીત થશે. આ સંક્ષેપમાં આચાર્યશ્રીની પૂર્વકાલીન અને તત્કાલીન સાહિત્યિક એવં આચારવિષયક સ્થિતિની સ્થૂલ રૂપરેખા છે. આગળ તેમનું જીવન અને તત્મીમાંસા, સાહિત્યરચના અને તત્પ્રભાવ અને નિબંધ સંબંધિત અન્ય અંગો સંબંધમાં લખવાનો પ્રયાસ કરીશ. –[ચાલુ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદઘનજી મહારાજ મુમુક્ષુ આત્માને શ્રી શ્રેયાંસ પ્રભુની મૂર્તિ સાથે એકચિત્ત કરી કહે છે કે—

એ તીર્થપતિ જ ખરા અધ્યાત્મી છે અને તેથી અંતઃકરણના સર્વ ભેદને જાણનારા, જાતે મુક્ત થયેલા અને અન્યને મુક્ત કરવાની અલૌકિક શક્તિ ધરનારા છે. **'તીન્નાણં તારયાણં, મુત્તાણં મોઅગાણં'** જેવા પદો તેમને જ શોભે છે. તેઓ જ મુમુક્ષુ આત્મા અને સંસારી જીવની કરણી વચ્ચેનો તફાવત સ્પષ્ટતાથી બતાવી શકે. 'અધ્યાત્મ' એ કોઇ આડંબર ધારણ કરવાની કે કોઇ મહાન્ તત્ત્વચિંતક હોય એવો ડોળ ઘાલવાની વસ્તુ નથી. સાગરતીરે સંખ્યાબંધ બગલાઓને એ જાતનું ધ્યાન ધરતાં જોવાય, પણ તે કંઇ સાચું ધ્યાન નથી જ. એ પાછળ પાણીમાં રહેલ માછલાને ફસાવવાની હલકટ મનોદશા રહેલી હોય છે અને તેથી જ એ બકવૃત્તિ તિરસ્કાર પામી છે. ખોટા યાને દંભી આત્માઓને 'બગધ્યાની'ની ઉપમા અપાય છે એનું કારણ પણ એ જ છે. સંસારવાસી જીવો કરતાં પણ જેમના જીવન બૂરા હોય, કિંવા ઢીલા હોય, કેવળ સ્વચ્છંદ જ ડગલે પગલે દૃષ્ટિગોચર થતો હોય, ઇંદ્રિયોની વિકારદશા પર અંકુશનું નામ ન હોય, મનને સુખ ઉપજે તે કરવું જેવો મુદ્રાલેખ હોય અને કેવળ નિશ્ચય નયને વળગી કે એનો અધૂરો અને અણસમજ્યો સદ્વિચાર લઇ ક્રિયા—કરણી પર ખંભાતી તાળુ વાસી દીધું હોય! તો એ 'અધ્યાત્મ'ને નામે પોષાઇ રહેલ દંભ યાને સ્વચ્છંદ જ છે.

તેથી તો સ્તવનની બીજી અને ત્રીજી કડીમાં સંસારી અને મુનિ વચ્ચેનો ભેદ ટુંકાણમાં સુંદર પ્રકારે સમજાવ્યો છે. આ રહ્યા એ શબ્દો—

**સયલ સંસારી ઇંદ્રિયરામી,**
**મુનિ ગુણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી,**
**તે કેવળ નિઃકામી રે.**
**નિજ સ્વરૂપ જે કિરિયા સાધે,**
**તેહ અધ્યાતમ લહિયે રે;**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે,**
**તે ન અધ્યાતમ કહિયે રે.**

સંસારાસક્ત જીવો ઇંદ્રિયોના વિષયો : શબ્દ—રૂપ—રસ—ગંધ અને સ્પર્શમાં રાચીમાચીને સુખ માની બેઠા છે, પણ સિદ્ધાંતના અભ્યાસી મુનિને એમાં તલપુર સુખ નથી દેખાતું; કારણ કે આત્માના મૂળ ગુણ જે જ્ઞાન વગેરે છે તે તેના ધ્યાનમાં છે. એટલે નિજસ્વરૂપ યાને આત્મસ્વરૂપ નજરમાં રાખી પ્રવૃત્તિ કરનાર સાધુ જ સાચો અધ્યાત્મી છે. બાકી જે કરણીવડે કેવળ ચાર ગતિનું ભ્રમણ જ વૃદ્ધિ પામતું હોય ત્યાં **અધ્યાત્મ**ના દર્શન કરવાની આશા રાખવી એ આકાશમાં કિલ્લા બાંધવા સમાન વ્યર્થ છે. સવાસો ગાથાના સીમંધરજિનના સ્તવનમાં ઉપાધ્યાયજી મહારાજે 'અધ્યાત્મી' તરિકે ચરી ખાનાર આત્માઓની ઠીક ઝાટકણી કાઢી છે. એમાં સંસારી કે ત્યાગી કોઇને નથી છોડ્યા! એટલે સુધી લખી દીધું છે કે—

**'દોકડે કુગુરુ દાખવે, શું એ જગશૂળ રે'**

આમ લખવામાં સૌ કોઇ સમજી શકે છે કે દંભ ને ખોટો આડંબર ધરનાર અને મહાન્ સંયમી કે અધ્યાત્મી તરીકેનો ડોળ રાખનાર આત્માને ઉઘાડા પાડવા સિવાય એ પાછળ અન્ય કોઇ હેતુ નથી જ. ખુદ આનંદઘનજી મહારાજ પણ અહીં એ જ વાત કહે છે કે—'જે પ્રાણી નિજ યાને સ્વ-સ્વરૂપરમણ નથી કરતો ને કેવળ શુભ કરણીદ્વારા દેવ યા મનુષ્યની ગતિ ઉપાર્જન કરે છે અથવા તો અશુભ કરણી કરી નરક તથા તિર્યંચ ગતિના અતિથિ બને છે એ ભલેને સાધુપણામાં વર્તતાં હોય છતાં વંચક કરણી યાને એક જાતની છેતરપીંડી કરે છે; કારણ કે સંસારના ત્યાગ પાછળ—ભાગવની દીક્ષાના સ્વીકાર પાછળ—મુખ્ય ધ્વનિ તો એ જ રહેલો છે કે આત્મસાક્ષાત્કાર કરી કાયમને સારુ કર્મરાજાએ આ સંસારરૂપી જે ઇન્દ્રજાળ બિછાવી છે તેમાંથી છૂટકારો મેળવવો. વર્ષાઋતુમાં ખેડૂતનો આશય પોતે ક્ષેત્રમાં જે જાતના બીયા વાવ્યા હોય તે જાતનો પાક નિપજાવવાનો હોય છે, છતાં એ સાથે તૃણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ

# પલ્લીવાલ પ્રાંતમાં અમારો વિહાર

## અને તે સમાજનો ઉદ્ધાર.

**અમે** આજથી લગભગ આઠેક વર્ષ પૂર્વે આગ્રા તરફ આવેલા અને ત્યાંથી મથુરાજીના શ્વેતાંબર જૈન મંદિરની પ્રતિષ્ઠા માટે મથુરા ગયેલા. પ્રતિષ્ઠાને બે ત્રણ દિવસ જ બાકી હતા ત્યારે યાદ આવ્યું કે ભરતપુરમાં ઓસવાલ જૈનોને તો અહીંની પ્રતિષ્ઠાના સમાચાર આપ્યા છે, પરન્તુ પલ્લીવાલ અને શ્રીમાલ જૈનોને ખબર નથી આપ્યા. અમે એ જ વખતે ભરતપુરના પલ્લીવાલ શ્વેતાંબર જૈન મંદિરમાં અને શ્રીમાલોના શ્વેતાંબર જૈન મંદિરમાં પ્રતિષ્ઠાના સમાચાર મોકલાવ્યા, અને બરાબર પ્રતિષ્ઠાના દિવસે જ ભરતપુરથી એક યા બે લોરી ભરીને પલ્લીવાલ અને શ્રીમાલ ભાઈઓ આવ્યા. તેમણે પ્રતિષ્ઠામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સાથે જ અમને આગ્રહપૂર્વક

---

પેદા થાય છે એ કુદરતી હોય છે—એ માટે કંઇ ઇરાદાપૂર્વક એણે પ્રયાસ સેવ્યો હોતો નથી જ તેમ જ્ઞાની ભગવંત પ્રત્યેક આત્માને ડાંડી પીટીને એ વાત કહે છે કે જે કંઈ કરણી કરો તેમાં ધ્યેય શુદ્ધ રાખો અને તે કેવલ આત્માનું મૂળસ્વરૂપ ઓળખવાનું અર્થાત્ સાચા અધ્યાત્મી બનવાનું. માનવજીવન પામ્યાની લ્હાણ એમાં સમાયેલી છે. એ વિના ચોરાસીના ચક્રમાંથી અન્ય રીતે બચાવ નથી એ ધ્યેય પ્રતિ નજર રાખી શુદ્ધ ભાવે ક્રિયા કરો. આમ છતાં પૂર્વે કહી ગયા તેમ પાક સાથે ઘાસની ઉત્પત્તિ થવાની એ ન્યાયે મુક્તિ નજીક પહોંચતાં વચમાં દેવ કે માનવ ગતિના સુખો પ્રાપ્ત થવાના પણ એ ગતિના વિલાસોમાં આસક્ત બની ધર્મકરણીને અશુદ્ધ ન બનાવો. તમે એની લાલચમાં ન પડો. અધ્યાત્મના ચાર ભાંગા પાડતાં યોગિરાજ કહે છે કે—

(૧) **નામ** અધ્યાત્મમાં તેનો સમાવેશ થાય છે કે જે અધ્યાત્મ શબ્દનો અર્થમાત્ર જાણતો ન હોય છતાં અધ્યાત્મી શું એમ કહે?

(૨) **સ્થાપના** અધ્યાત્મ—અધ્યાત્મ સ્વરૂપનો અક્ષરવિન્યાસ આદિસ્વરૂપતે અર્થાત્ એ વસ્તુનું કોઇ જડ પદાર્થમાં આરોપણ માત્ર.

(૩) **દ્રવ્ય** અધ્યાત્મ—રેચક, પુરક, કુંભક આદિ પ્રાણાયામના ભેદે બાહ્યવૃત્તિએ એવું ધ્યાન બતાવે કે જેને દેખી જનસમૂહ એવું માને કે આ સંતે અંતરવૃત્તિદ્વારા આત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ કર્યું છે પરંતુ વસ્તુત: આત્મારામ સાવ કોરા હોય! અંગારમર્દક આચાર્ય જેવા જેમના ભાવ હોય.

(૪) **ભાવ** અધ્યાત્મ—આત્મગુણોમાં રમણતા સહિત ક્રિયામાં પ્રવર્તન જેનું થઈ રહ્યું હોય છે એટલે કે અંતર-બાહ્ય જીવનમાં જેની સમાનતા હોય છે એ આત્મા.

અને આગળની કડીમાં અધ્યાત્મને નિર્વિકલ્પપણે આદરવા પર ભાર મૂકે છે. કેવળ ભાવથી અધ્યાત્મપણું ગ્રહણ કરવાની સૂચના કરતાં પ્રથમના ત્રણ ભાંગાને નકામા ગણાવી બાજુ પર રાખી દેવાની આજ્ઞા કરે છે. અંતમાં જે ચેતવણી આપે છે એ કદી પણ દૃષ્ટિ બહાર કરવા જેવી નથી. એ છેલ્લી લીંટીમાં સર્વ સાર સમાયો છે.

**અધ્યાતમ જે વસ્તુ વિચારી,**
**બીજા જાણ લબાસી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,**
**આનંદઘન મત વાસી રે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનંતિ કરી ગયા કે 'અમે પણ શ્વે. જૈન શ્રાવકો છીએ અને આપ અમને લાભ આપો, અમારા પ્રાંતમાં પધારો." અમે તે વખતે 'જેવી ક્ષેત્રફરસના' એવો જવાબ આપેલો. સાથે થોડી થોડી હા પણ પાડેલી પરન્તુ યુ. પી.ની સખ્ત ગરમીથી અમે બધા વિચારમાં પડી ગયા અને આખરે પલ્લીવાલ પ્રદેશમાં વિચરવાનું મુલતવી રાખી સીધા આગ્રા આવ્યા અને ચાતુર્માસ આગ્રામાં કર્યું.

આગ્રાનો ઇતિહાસ હું પહેલાં આ જ માસિકના અંકોમાં આપી ગયો છું એટલે પિષ્ટપેષણ નહિ જ કરું. બાદમાં એ વર્ષે આગ્રાથી વિહાર કરી ભરતપુર ગયેલા અને તે વખતે પલ્લીવાલ અને શ્રીમાલ જૈનોને મળેલા. ઉપદેશ આપીને જૈન ધર્મ કેવો છે? તે બતાવેલું. તે વખતે કેટલા ય શ્રીમાલ અને પલ્લીવાલ ભાઇઓ એવા મળેલા કે જેમણે સંવેગી સાધુનાં પહેલવહેલાં જ દર્શન કરેલાં. આપણા સાધુઓને જિંદગીમાં કદી જોયેલા નહિં. અમને પૂછયું કે: 'તમે કોણ છો ?'

'જૈન સાધુ' અમે જવાબ આપ્યો.

'તમે પટ્ટીવાલા (ઢુંઢીયા) સાધુ તો નથી, ત્યારે યતિ (જતિ) છો શું ?' તેઓએ બીજો પ્રશ્ન કર્યો.

ઉત્તરમાં 'ના. અમે શ્વેતાંબર જૈન સાધુ છીએ' એમ કહ્યું પરન્તુ અમારી વાત તેમની સમજમાં ન આવી આખરે બધો ખુલાસો કર્યો કે અમે વાહનમાં ન બેસીએ, ન પૈસો રાખીએ કે ન સ્ત્રીને અડીએ. અમારે પાંચ મહાવ્રત પાળવાનાં હોય છે. ઢુંઢીયા સાધુઓ મંદિરમાં જઇને દર્શન ન કરે. દિનભર મુખ પર પટ્ટી બાંધી રાખે જ્યારે શ્વેતાંબર સાધુઓ મંદિરમાં જાય, દર્શન-ચૈત્યવંદનાદિ કરે, અને મુહપત્તિ હાથમાં રાખે વગેરે વગેરે સમજાવ્યું ત્યારે તેઓ સમજ્યા કે આ સાધુ જુદી જાતના છે.

પછી તો તેમણે મંદિરજીમાં જીર્ણોધ્ધાર કરાવી આપવાની વિનંતિ કરી. સાથે જ સ્થાનકમાર્ગી સાધુઓ મંદિરજીમાં ઉતરે છે અને શું કરે છે તે બધું સમજાવ્યું. છેવટે મંદિરજીની અગાસીમાં સ્થાનકમાર્ગી સાધુ માટે બંધાવેલ સ્થંડિલ સ્થાન પણ બતાવ્યું. અમે તેમને સમજાવીને એ સ્થાન દૂર કરાવ્યું. આવું કરવાથી આશાતના થાય છે તે સમજાવ્યું. મંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય થશે વગેરે સમજાવ્યું.

બસ પલ્લીવાલ સમાજનો પ્રથમ પરિચય આવી રીતે થયેલો. બાદમાં તો વચમાં થોડાં વર્ષો વ્યતીત થઇ ગયાં અને શેઠ જવાહરલાલજી નાહટાજીએ અમારા કહેવાથી અને પ્રેરણાથી આ પ્રાંતમાં ધર્મપ્રચારનું કાર્ય જારી રાખ્યું. મંદિરોના જીર્ણોદ્ધાર માટે આર્થિક સહાયતા મળતી ગઇ અને કાર્ય શરૂ થયું. બાદમાં પલ્લીવાલ શ્વેતાંબર જૈન કોન્ફરન્સ પણ ભરાવરાવી. તેના ફલરૂપ હીંડોનમાં શ્વેતાંબર જૈન બોર્ડીંગ પણ સ્થપાવી. પંડિત ઇશ્વરલાલજી ન્યાયતીર્થ અને પંડિત હીરાલાલજીને પણ એ પ્રાંતમાં ધર્મપ્રચાર માટે મોકલ્યા. કાર્ય સારી રીતે ચાલતું. સલાહ અને સૂચના - ઉપદેશ અમે આપ્યા કરતાં. ત્યાં તો દિગંબર સમાજે પણ અમારું અનુકરણ કરવાની હિમ્મત ભીડી. દિગંબર જૈન શાસ્ત્રાર્થસંઘે પેપરોમાં વિરોધ કરવા સાથે પોતાનું કાર્ય શરૂ કર્યું. અમે વિચાર્યું કે ભલે થોડી મહેનત તેઓ કરી લ્યે. અમે બીજા ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને મરેઠ જીલ્લામાં ધર્મપ્રચારનું કાર્ય આરંભ્યું. થોડાં વર્ષો ત્યાં કાર્ય ચલાવ્યું અને હજી ચાલે જ છે. વચમાં અજમેરમાં પણ પલ્લીવાલ સમાજમાં ધર્મપ્રચાર કરી, લગભગ ૪૦ ઘરોને શ્વે. જૈન ધર્મમાં સ્થિર કરી એક મંદિરજી પણ સ્થાપિત કરાવ્યું, જેનું કાર્ય અદ્યાવધિ સુંદર રીતે ચાલી રહેલ છે. બાદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેરઠ અને મુજફ્ફરનગર જીલ્લામાં ધર્મપ્રચારનું કાર્ય કરી પુનઃ પલ્લીવાલ પ્રાંતમાં થયેલું કાર્ય જોવા અમે વિહાર શરૂ કર્યો.

પલ્લીવાલ સમાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતો એમાં તો લગારે સંદેહ નથી. તેમનાં વિદ્યમાન મંદિરો, પર્યુષણા પર્વની અટ્ઠાઇની આરાધના, ભા. શુ. ૫ની માન્યતા અને પ્રાચીન શિલાલેખોના આધારે પણ નિઃસંદેહ સિદ્ધ થાય છે કે પલ્લીવાલ સમાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતી. યદ્યપિ છેલ્લાં સો વર્ષ લગભગથી એ સમાજમાં ધર્મસ્થિરતામાં કમી આવી છે પરન્તુ એમાં તો શુધ્ધ સંવેગી સાધુઓના પરિચયનો અભાવ એ જ મુખ્ય કારણ છે. યદિ થોડાં વર્ષોનો લાગટ પરિચય થાય તો આખી પલ્લીવાલ સમાજ એક ધર્મમાં સ્થિર થઇ જાય તેમાં સન્દેહ નથી, પરંતુ આ કાર્ય સહજ કે સરલ નથી. કષ્ટસહનપૂર્વક શાન્તિથી જ આ કાર્ય થઇ શકે તેમ છે.

જે પલ્લીવાલ જ્ઞાતિ એક વાર શ્વેતાંબર સમાજમાં મુખ્ય ગણાતી, જે પલ્લીવાલ ગચ્છના આચાર્યોએ અનેક ગ્રંથો બનાવ્યા છે, પ્રતિષ્ઠાઓ કરાવી છે તેમજ સિદ્ધાચલજીના એક પ્રાચીન શિલાલેખના આધારે સુપ્રસિધ્ધ દાનવીર, ધર્મવીર (ન્નવાંગજ્ઞ, સંઘપતિ પૃથ્વીધર) પેથડ શાહ જેવા પલ્લીવાલ સમાજના ચળકતા સિતારા થઇ ગયા છે; કે જેમણે પલ્લીવાલ જ્ઞાતિનું જ નહિં કિન્તુ સમસ્ત જૈન ધર્માવલંબીઓમાં પોતાનું અજોડ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે જ્ઞાતિ કેટલી ગૌરવવન્તી હશે તેનો વિચાર સુજ્ઞ વાચકો સ્વયં કરી લ્યે. આવી ઇતિહાસપ્રસિધ્ધ જ્ઞાતિમાં સત્ય ધર્મનો પ્રચાર કરવો, તે જ્ઞાતિને સત્ય ધર્મમાં સ્થિર કરવા પ્રયત્ન કરવો એ દરેકે દરેક જૈનની ફરજ છે. આ ફરજ અદા કરવા ખાતર જ અમે આ પ્રાંતમાં કાર્ય શરૂ કર્યું હતું.

અમને પલ્લીવાલ જ્ઞાતિના શ્રાવકોનો પરિચય અજમેર, ભરતપુર પ્રાંત, અલ્વર પ્રાંત, જયપુર પ્રાંતમાં ઘણો થયો. કેટલાક શ્વેતાંબર મૂર્તિપૂજક છે, કેટલાક સ્થાનકમાર્ગી અને દિગંબર છે; પરંતુ સ્થાનકમાર્ગી પલ્લીવાલો જિનમંદિર માને છે. તેઓ કહે છે અમે બન્ને ધર્મ પાળીએ છીએ. પર્યુષણાની અટ્ઠાઇ બીજા ભાદરવામાં જ કરે છે. તેઓ ભા. શુ. ૫*ના દિવસને મુખ્ય સ્થાને માને છે.

ભા. શુ. ૫ને દિવસે ઉપવાસ કરે છે. મંદિરજીમાં જઇ કલશાભિષેક ઉત્સવ કરે છે. નવવિવાહિતા વધૂ પાંચ વર્ષ સુધી ભા. શુ. ૫નો અવશ્ય ઉપવાસ કરે છે. મંદિરજીમાં કકડી, ફલફૂલ–નૈવેદ્યાદિ ચઢાવે છે. જે પલ્લીવાલ ભાઇઓ પોતાને દિગંબરી મનાવે છે તેઓ પણ ઉપર્યુક્ત ક્રિયાઓ શ્રધ્ધા, ભક્તિ અને પ્રેમથી આચરે છે. સ્થાનકમાર્ગી પલ્લીવાલો કે આર્યસમાજી પલ્લીવાલો પણ અટ્ઠાઇ (પર્યુષણાની)ની આરાધના ઉપર્યુક્ત વિધિ પ્રમાણે કરે છે. દરેક પલ્લીવાલ ભા. શુ. ૪–૫ને માને છે અને બે ભાદરવા હોય ત્યારે બીજા ભાદરવામાં શુ. ૪–૫ ધર્મારાધન કરે છે. આ વિધિ તેમને શ્વે. મૂ. જૈન સિધ્ધ કરવામાં પ્રમાણરૂપ છે, જેનાં એકાદ બે દૃષ્ટાન્તો અસ્થાને નહિં જ લેખાય.

(૧) અજમેરમાં કેટલાયે પલ્લીવાલ ભાઇઓ આર્યસમાજી હતા. તેઓ પોતાના જૈન ધર્મમાં આવ્યા પછી અમે તેમને પૂછ્યું કે પર્યુષણા (અઠ્ઠાઇ) કયારે કરો છો કારણ કે તે વખતે બે મહિના હતા. તેમણે કહ્યું અમે તો બીજા મહિનામાં જ અઠ્ઠાઇ કરીએ છીએ. બાકી આપની આજ્ઞા પ્રમાણે કરીશું. બાદમાં તેમણે અમારી સાથે જ

* સ્થાનકમાર્ગીઓ અસ્ત તિથિ માને છે એવું પલ્લીવાલોમાં નથી. તેઓ ઉદય તિથિ માને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા મહિનામાં જ પર્યુષણા પર્વારાધન કર્યું. આ વર્ષે બે ભાદરવા હતા. આગ્રાના અને બીજા સ્થાનોના બધા ય પલ્લીવાલોએ બીજા ભાદરવામાં જ પર્યુષણા પર્વારાધન કર્યું હતું.

(૨) ગયે વર્ષે અમે દિલ્હીમાં ચાતુર્માસ હતા. ત્યાં પલ્લીવાલોનાં ઘર ૨૫ થી ૩૦ છે. ત્યાંના દિગંબર ભાઈઓના પરિચયથી તેઓ દિગંબર ધર્મની ક્રિયાઓ કરે છે, પરન્તુ ભા. શુ. ૫. ની આરાધના તો શ્વેતાંબર વિધિ પ્રમાણે જ કરે છે. અર્થાત્ ભા. શુ. ૫ નો ઉપવાસ, સાવદ્ય ક્રિયાઓનો ત્યાગ, મંદિરજીમાં કલશાભિષેક, મંદિરજીમાં પૂજન, ફલ-ફૂલ-નૈવેદ્યાદિ ચઢાવવાં આદિ ક્રિયા કરતા હતા; પરંતુ ગયે વર્ષે ત્યાંના દિગંબર મંદિરના વ્યવસ્થાપકોએ કહ્યું કે ભા. શુ. ૫ ને દિવસે મંદિરજીમાં કાંઈ પણ ધર્મક્રિયા નહિં કરવા દઈએ. પરિણામે એ પલ્લીવાલો અમારી પાસે આવ્યા અને હકીકત કહી. પલ્લીવાલોએ કહ્યું અમે બધા શ્વેતાંબરી જ છીએ, પરંતુ સંસર્ગ ન રહેવાથી અમે દિગંબરી ધર્મ પાળીએ છીએ. આ મંદિરમાં અમે પૈસા પણ આપ્યા છે અને ભા. શુ. ૫ અમે બરાબર પાળીએ છીએ, પરન્તુ આ વર્ષે દિગંબર મંદિરના વ્યવસ્થાપકોએ અમને અમારી ધર્મક્રિયા કાંઈ પણ ન કરવા દીધી. આપ અમને નવું મંદિર બનાવી આપો. અમે કેટલાંક કારણોને લીધે એમાં વધારે ક્રિયાત્મક રસ ન લીધો અને તેમને પોતાને જ મંદિર કરી લેવા સમજાવ્યા. તેઓ ઘરમંદિર જેવું કરવાના વિચારમાં છે, પરન્તુ એ પલ્લીવાલ શ્રાવકો દિ. ધર્મની ક્રિયાઓ કરવા છતાં પોતાનું અસલી શ્વેતાંબરત્વ નથી જ ભૂલ્યા. આ સિવાય બીજા દૃષ્ટાન્તો ઘણા છે પરંતુ અત્યારે તેને પ્રકાશમાં મૂકવાં ઉચિત નથી લાગતાં, ખુશી થવા જેવું છે કે પલ્લીવાલોમાં ગચ્છ-ભેદ જેવું નથી. પોતાના પલ્લીવાલ ગચ્છની આચરણા પ્રમાણે અને છેલ્લા બે સૈકામાં વિજય ગચ્છના યતિઓના પરિચયથી તેમની આચરણા પ્રમાણે બધા એક જ સરખા દિવસોમાં ધર્મારાધન કરે છે. આટલા ઉપોદ્‌ઘાત પછી હવે મૂળ વિષય ઉપર આવું છું.

આગ્રા—

આગ્રામાં પલ્લીવાલોની વસ્તી ઠીક સંખ્યામાં છે. આગ્રામાં અમને આ વર્ષે ઘણા પલ્લીવાલ ભાઈઓને પરિચય થયો. જૈન ધર્મની ત્રણે શાખાઓને તેઓ માને છે. દેવ શ્વેતાંબર મૂર્તિ અને પૂજાવિધિ દિગંબર ધર્મ પ્રમાણે કરે છે. ગુરુ તરીકે સ્થાનકમાર્ગી સાધુઓને માને છે. આગ્રામાં ધૂલીયાગંજમાં પલ્લીવાલ મંદિરમાં શ્વેતાંબર મૂર્ત્તિ હતી. અત્યારે તે મૂર્ત્તિ ત્યાંથી હટાવી દેવામાં આવી છે. આજે આપસમાં અનૈક્ય પણ ઘણું પ્રવર્તે છે.

આગ્રામાં અમે ખાસ ઈરાદાપૂર્વક મૌન જ સેવ્યું હતું. જે પલ્લીવાલ ભાઈઓ આવતા ને તેઓ જે જે પ્રશ્ન પૂછતા, ચર્ચા કરતા તેના ઉત્તરો જરૂર આપતા. બાકી ઘણા પલ્લીવાલ ભાઈઓની વિનંતિ છતાં યે અમે સકારણ મૌન જ સેવ્યું.

આગ્રાથી ખાસ પલ્લીવાલમાં વિહાર કરીને જ આગળ વધવાની ભાવના હતી.

આગ્રાથી ત્રીજું મુકામ રાયબા (રાયબાગ) આવ્યું. એક મહાદેવજીના મંદિરમાં અમે ઉતર્યા. અહીં આગ્રાના સુપ્રસિધ્ધ હકીમ અને પલ્લીવાલ ગુલજારીલાલજી દર્શન નિમિત્તે આવ્યા હતા. તેમણે રાયબાના પલ્લીવાલોને સમાચાર આપ્યા અને અમારી પાસે આવ્યા. રાયબામાં પલ્લીવાલોનાં ઘર ફક્ત ૪ હતાં. ચાર ઘરમાં બે ઘર તો આર્યસમાજી હતાં અને બે દિગંબર ક્રિયા કરતાં; પરંતુ તેમના વિચારો પણ આર્યસમાજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા જ હતા. જો બે ઘર આર્યસમાજી હતાં તેમણે અમને એક સાફ વાત કરી "**हम जैन धर्म के उन दो सिद्धान्तों को अच्छी तरह से पालन करते हैं। एक तो रात्रिभोजन का त्याग और पानी छानकर पीना। बाकी हमारे ख्याल तो आर्यसमाजी है। हम जैन धर्म को बुरा नहीं मानते किन्तु जैन धर्म जगत्कर्ता नहीं मानता है और मुक्ति में गये हुए जीव वापस नहीं आते यह दो बातें हमको नहीं जचती है।**"

આ બન્ને સિધ્ધાંતો પર અમે ઘણી ચર્ચા કરી. આખરમાં જગત્કર્તા ન માનવો એ ઠીક છે એટલું તો તેઓ સમજ્યા જ. પછી મૂર્તિપૂજા–જડ પૂજાથી શું લાભ છે? તેનો પણ જવાબ આપ્યો અને આખરે તેમને કબૂલ કરવું જ પડયું કે દરેક મનુષ્ય કોઇ ને કોઈ રૂપમાં મૂર્તિ અવશ્ય માને છે. ઇશ્વર જગતનો કર્તા નથી તો તેની પૂજા શા માટે કરાય છે? તે પણ યુક્તિ અને તર્કથી સમજાવ્યું. કોઇ પણ સાચો અને જાણકાર જૈન કદી પણ ઐહિક સુખની ઇચ્છાથી તીર્થંકરની પૂજા નથી કરતો. એ તો હે ભગવન્! આપ એક દિવસ અમારા જેવા હતા છતાં ય રાગ–દ્વેષ જીતી અંતરશત્રુઓને હણી મુક્ત થયા એટલા ખાતર પૂજે છે અને યાચના કરે છે કે આપે બતાવેલા માર્ગે ચાલી હું પણ કર્મ રહિત બની મુકત થાઉં. મૂર્તિપૂજા માટેનો આ જવાબ તેમને ઘણો જ ગમ્યો અને કહ્યું કે આ દૃષ્ટિએ ભગવાનની પૂજા કરવામાં વાંધો નથી. આર્યસમાજીઓનું પ્રીતિભોજન શ્વેતાંબર જૈનોના સ્વામીવાત્સલ્યની સામાન્ય નકલ માત્ર છે. મુક્ત જીવો પાછા નથી આવતા તેને માટે પણ કહ્યું કે જેઓ સર્વથા કર્મ રહિત છે તેઓ કયા કારણે પાછા જન્મ લ્યે? સર્વથા કર્મ રહિત જીવ જન્મ લે તો સર્વથા કર્મ રહિત નથી થયેલ કિન્તુ પુણ્ય ઉપાર્જન કરી, સુખ ભોગવી પુનઃ જન્મ લે છે એમ જ માનવું પડે. યુક્તિ અને તર્કથી આ વિષય ખૂબ ચર્ચ્યો પરન્તુ એ ભાઇને એક વાતનો ડર રહી જ ગયો કે બધા જીવો મોક્ષે જાય તો એક દિવસ સંસાર ખાલી થઇ જાય અને પછી દુનિયાનું શું થાય? અમે એને કાલ અને જીવોની ગણતરી કરી વિષય સમજાવવા માંડ્યો, પરંતુ એ ભાઇ કહે મુનિજી, હવે એ વાત જવા દ્યો. એવી વાત અમે નહિં સમજી શકીએ. હા, આપે જૈન ધર્મ સમજાવ્યો તે ઠીક છે. અમને માનવામાં વાંધો નથી, પરન્તુ જૈનીઓની સંકુચિત મનોદશા એટલી છે કે અહીં નથી તો કોઇ ઉપદેશક આવતા; નથી તો એવું સાહિત્ય મળતું કે નથી આપના જેવા જવાબ આપનાર વિદ્વાન સાધુઓનો અમને પરિચય થતો. આખરે આગ્રાથી આવેલ ભાઇને સમજાવ્યું કે આપણી ત્યાંની લાયબ્રેરીમાંથી જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, તત્ત્વનિર્ણયપ્રાસાદ વગેરે ગ્રંથો આ ભાઇને વાંચવા મોકલાવે.

યદિ આ ભાઇઓ જૈન સાહિત્ય મળે અને કોઇ વિદ્વાન સાધુઓનો યોગ થાય તો તેઓ જરૂર જૈન રહે એમાં સંદેહ નથી.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાત્માનું અધિરાજ્ય
## ( સમ્યક્જ્ઞાનની કુંચી )

( ગતાંક પૃષ્ઠ ૨૮૬ થી ચાલુ )

અનિષ્ટનું શાન્તિથી નિવારણ (કરવાનો ભાવ), સમભાવવૃત્તિ અને કલહથી પરાંગમુખતા એ ત્રણે ગુણો પરમાત્માનાં અધિરાજ્યના વાંચ્છુકે જીવનમાં વણી લેવા જોઈએ. મનુષ્ય જડવાદથી ઓતપ્રોત થઈ ગયો હોય ત્યાં સુધી આ ગુણોનું મહત્ત્વ તેને સમજાતું નથી. એ ગુણોના વિકાસથી મનુષ્યમાં અપ્રતિમ શક્તિ આવે છે.

અજ્ઞાનને કારણે જ આત્માનું અધઃપતન થયા કરે છે. આત્માનું સાહજિક અતુલ બળ નપુંસક જેવું રહે છે. સત્ય જ્ઞાનની પરિણતિ થતાં આત્માની ખરી શક્તિઓ ખીલવા માંડે છે. નિર્વાણની પ્રાપ્તિ થાય ત્યાં સુધી આત્માની શક્તિઓનો એવો અપૂર્વ વિકાસ થયા કરે છે કે એ શક્તિઓનો પ્રતિરોધ કરવો એ દુનિયાની કોઈ પણ શક્તિથી સર્વથા અશક્ય બને છે.

સત્ય જ્ઞાનવાળા આપ્ત પુરુષોમાં હજારો લોકોને અનેરી શ્રદ્ધા જાગે છે. તેમની આગળ પોતાની અનેક શંકાઓનું તેઓ નિવારણ કરે છે. ગમે તે ભોગે અને ગમે તેટલી મુશ્કેલીઓ વેઠીને પણ હજારો મનુષ્યો આપ્તપુરુષોનો સંસર્ગ કરે છે તેમના પરમ બોધનો સહૃદયભાવે અમલ કર્યાથી, હજારો આત્માઓનું સર્વોચ્ચ શ્રેય અવશ્ય થાય છે.

આધ્યાત્મિક નિયમો જ્ઞાન કે કથન માત્રથી ઉપયોગી નથી થતા. આધ્યાત્મિક નિયમો આચરણથી જ ઉપયોગી થઈ શકે છે. આધ્યાત્મિક નિયમોના આચરણથી, આત્માની અનેક શક્તિઓનો અપૂર્વ વિકાસ થાય છે. કોઈ આધ્યાત્મિક નિયમનું જ્ઞાન થાય કે એ નિયમનું અનેક વાર રટણ કરવામાં આવે તેથી એક મનુષ્યને કશોયે ફાયદો થતો નથી. નિયમનાં આચરણથી જ મનુષ્યને લાભ થાય છે. આચરણનો પ્રારંભ થાય એટલે મનુષ્યમાં ઇષ્ટ પરિવર્ત્તન જરૂર થવા માંડે છે. સતત ઉત્કંઠા અને શુભ ભાવથી નિયમનું પાલન થયા કરે તો પ્રાન્તે આત્માનો સંપૂર્ણ વિકાસ પણ સંભવે છે.

આધ્યાત્મિક નિયમોનાં પાલનથી સર્વ પ્રકારના ભ્રમોનું નિવારણ થાય છે. બીજાની કોઇ વસ્તુ અયોગ્ય રીતે લેવાની ઇચ્છા પણ થતી નથી. ઇચ્છાશક્તિનું સાહજિક ગૌરવ અને બળ વધે છે. આત્મા અને શરીરની એકતાની માન્યતારૂપ અજ્ઞાનથી મર્યાદિત અને પરતંત્ર બનેલી ઇચ્છાશક્તિ સ્વતંત્ર અને શક્તિશાલી બને છે. ઇચ્છાશક્તિની સ્વતંત્રતારૂપ ધર્મનું મહાન્ ધ્યેય સાધિત થાય છે.

આધ્યાત્મિક નિયમોથી ભૌતિક વિશ્વમાં પણ અદ્ભુત કાર્યો થાય છે. દરેક દુષ્ટ વિચારથી ભય અને દુઃખ ઉત્પન્ન થાય છે. ભય અને દુઃખ એ મનુષ્યને કેટલાં અનિષ્ટ છે તે આપણે જોયું છે. એ બન્નેથી જીવનનું શોષણ થાય છે. ભય અને દુઃખથી શારીરિક અને માનસિક દૃષ્ટિએ અનેક અનિષ્ટ પરિણામો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. ભય અને દુઃખભાવ ( ચિંતા ) એ શરીરમાં વિષરૂપ છે એમ પશ્ચિમના કેટલાક મહાન્ તત્ત્વજ્ઞો અને વૈજ્ઞાનિકો હવે માનવા લાગ્યા છે. ભય અને દુઃખથી એવા વ્યાધિઓ ઉત્પન્ન થાય છે જેનું નિવારણ કષ્ટસાધ્ય બને છે. રક્તવાહિનીઓનો ચિંતાથી જ ક્ષય પરિણમે છે. કુવિચારોથી કુરૂપતા પ્રાપ્ત થાય છે. મહાન્ પુરુષો કુવિચારોથી પર રહેવાનો સદૈવ બોધ આપે છે એનું રહસ્ય એ છે કેઃ કુવિચારોથી મનુષ્યનું સર્વથા નિકંદન થાય છે. કુવિચારોની છાપ મનુષ્યનાં મુખ, ચક્ષુ આદિ ઉપર કોઈ ને કોઈ રીતે જરૂર પડે છે. મનુષ્યના કુવિચારો કોઈ ને કોઇ રીતે વહેલા-મોડા પ્રત્યક્ષ થાય છે. કુવિચારોથી આત્માનું ઘોર અધઃપતન થતું હોવાથી, કુવિચારો સર્વદા પરિહાર્ય છે. કુવિચારો અવશ્ય અનિષ્ટ ફલદાયી હોવાથી સર્વથા તિલાંજલીને પાત્ર છે.

આજના અંધ ભૌતિકવાદના જમાનામાં, આત્મજ્ઞાન જેવી સર્વથી મહત્ત્વની વસ્તુની ઉપેક્ષા થયાથી, જનતાનું સર્વ રીતે અધઃપતન થયું છે. શરીર આદિ ભૌતિક વસ્તુઓને જ પ્રાધાન્ય અપાય થી, આત્મજ્ઞાન સાવ વિસારે પડયું છે. લોકો શરીરનાં જ સુખ અને શરીરની જ સગવડનો વિચાર કરે છે. આત્માનાં અનેરાં સુખનો ભાગ્યે જ કોઇને વિચાર થાય છે. આત્મારૂપી ભોક્તાને ભૂલી જઈ, જીવતા શરીરને ભોક્તા માની બેઠેલ છે. શરીરભોક્તા કેવી રીતે હોઇ શકે? જો શરીર ભોક્તા જ હોય તો મૃત્યુ બાદ શરીરને સુખ–દુઃખનો અનુભવ જરૂર થાય, પણ વસ્તુતઃ તેમ કદાપિ નથી થતું. આથી શરીર ભોક્તા છે એ માન્યતા સ્વયમેવ અસત્ય ઠરે છે. કોઇ શરીરને મૃત્યુ બાદ સુંદર આસનો કે સુંદર વસ્ત્રોની ઇચ્છા નથી થતી. તાત્પર્ય એ છે કે–આત્મા જ સુખ–દુઃખનો ભોક્તા છે, આત્મા જ ઇષ્ટ–અનિષ્ટનો કર્તા અને ભોક્તા છે. આથી જ કોઈ સ્ત્રી પ્રત્યે વિકારી દૃષ્ટિથી જોવામાં લગભગ દુરાચાર જેવું જ પાપ થાય છે. વિકારી દૃષ્ટિથી અનિષ્ટ આંદોલનોનો આવિર્ભાવ જરૂર થાય છે. એ આંદોલનો પાપરૂપ છે. અત્યંત પવિત્ર વિચારો વિના, વિકાર કે દુરાચારનાં પાપી આંદોલનોનું નિવારણ નથી થતું.

મનુષ્ય શરીરથી દુરાચાર કરે તો તેના પાપમાં એક પાપનો વધારો થાય છે. દરેક સુવિચાર કે કુવિચાર, દરેક સુકૃત્ય કે કુકૃત્ય માટે મનુષ્યને લાભ કે શિક્ષા અવશ્ય થાય છે. સુવિચાર કે સુકૃત્યથી પુણ્ય અને કુવિચાર કે કુકૃત્યથી પાપની નિષ્પત્તિ જરૂર થાય છે. પુણ્ય કે પાપનાં ફળ આ લોકમાં કે પરલોકમાં અવશ્ય ભોગવવાં પડે છે. આ પ્રમાણે મનુષ્ય વાવે તેવું લણે છે. પુણ્ય કરે તો સુસ્થિતિ, બુદ્ધિ, બળ આદિ પ્રાપ્ત થાય છે. પાપથી દુર્દશા, દૌર્બલ્ય આદિ પરિણમે છે. પાપની શિક્ષા ખરેખર મૃત્યુરૂપ છે એમ કહી શકાય.*

ઇચ્છાઓનો પરિત્યાગ (સંન્યાસ) એ પરમાત્માનાં અધિરાજ્યની પ્રાપ્તિનો એકજ માર્ગ

* "પાપી મનુષ્ય પોતાનાં કાર્યોથી સંક્ષોભમાં પડે છે. તેનાં વિવિધ કાર્યોથી અનીતિમાં વધારો જ થાય છે." **આચારાંગ સૂત્ર.**

"પાપી કૃત્યોથી શરીરને નુકસાન થાય છે." એમ ઉપરોક્ત કથનના સંબંધમાં ટીકા કરતાં ટીકાકારે સ્પષ્ટ જણાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ઇચ્છાના પરિત્યાગથી આત્માનું સાહજિક સત્ય સુખ ઝળકી રહે છે. ભગવાન મહાવીર સુદ્ધાં જૈનોના સર્વ તીર્થંકરો, પ્રભુ ઇસુ, પયગમ્બર મુસા આદિ જગતના મહાપુરુષોએ ઇચ્છાઓ અને લાલસાઓના પરિત્યાગને જ મહત્ત્વ આપ્યું છે. આધુનિક વિજ્ઞાન અનેક અન્વેષણોથી ઇચ્છાના પરિત્યાગનાં મહત્વનો જ સત્વર આવિષ્કાર કરશે એવાં સ્પષ્ટ ચિહ્નો લાગે છે. ઇચ્છાના પરિત્યાગનું મહત્ત્વ જનતાને બરોબર રીતે સમજાતાં, દુનિયામાંથી પાપ બહુ ઓછું થશે, જગત સ્વર્ગમય બનશે, જગતમાં પ્રભુતાનાં પુણ્ય પગલાં મંડાશે, વિશ્વમાં પરમાત્માનું અધિરાજ્ય થશે.

આત્માનાં સચ્ચિદાનંદ સ્વરૂપના આવિષ્કારમાં ચિત્તની ચંચલતા એક મહાન્ વિઘ્નરૂપ થઇ પડે છે. આથી ચિત્તની ચંચલતાનું નિવારણ થાય તે માટે મહાપુરુષોએ કેટલાએક ઉપર્યુક્ત નિયમો યોજ્યા છે. ચિત્તની ચંચલતા દૂર કરવા માટે અને ચિત્તની શક્તિની પ્રાપ્તિ અર્થે ચિત્તની કોઇ વિશિષ્ટ વિષય ઉપર એકાગ્રતા કરવી જોઇએ એવો મહાપુરુષોનો પરમ બોધ છે.

સૂર્યનો કિરણો છિન્નભિન્ન હોય ત્યાંસુધી તેમાંથી યથેષ્ટ ઉષ્ણુતા પ્રાપ્ત થઇ શકતી નથી. એ કિરણો અમુક સ્થાન ઉપર સંયુક્ત થતાં તેમાંથી યથેષ્ટ ઉષ્ણુતાની પ્રાપ્તિ થાય છે. ચિત્તશકિતનું પણ તેમજ સમજવું. ચિત્તશક્તિ અનેક રીતે છિન્નભિન્ન થઈ હોય ત્યાંસુધી તે કોઇ રીતે ભાગ્યેજ પરિણામકારી નીવડે છે. એ જ ચિત્તશકિત એક જ વસ્તુ ઉપર કેન્દ્રિત કરતાં તે અપૂર્વ શકિતશાલી અને ફલદાયી જરૂર નીવડે છે. દુનિયામાં સર્વ પ્રકારનું જ્ઞાન એકાગ્રતાથી જ પ્રાપ્ત થાય છે. દરેક સુકાર્યો પણ એકાગ્ર વૃત્તિથી જ થઇ શકે છે. એકાગ્રતા વિના કોઇ મહાકાર્ય થઈ શકતું નથી. એકાગ્રતા વિના બધું સાવ નિરર્થક નીવડે છે. એકાગ્રતા વિના કાર્યસિદ્ધિ માટે ગમે તેટલા પ્રયત્નો પ્રાયઃ નકામા જાય છે. એકાગ્રતા યુક્ત કાર્યનું પરિણામ એકાગ્રતા વિના કરેલ કાર્ય કરતાં અનેકગણું ફલદાયી થાય છે. એકાગ્રતા યુક્ત બોધથી જીવનમાં અનેરું પરિવર્તન થાય છે. દા. ત. પાપના નિષેધ યુક્ત પરમ બોધના વિચારોથી, મનુષ્યને પાપનાં શક્ય દુષ્પરિણામોનો અવબોધ થાય છે અને એ રીતે એનું જ્ઞાન ખૂબ વધી જાય છે. આપ્તપુરુષો અને સામાન્ય મનુષ્યોમાં એકાગ્રતાની દૃષ્ટિએ મહાન્ ભેદ રહેલા છે. આખું યોગશાસ્ત્ર એકાગ્રતાનાં મહત્ત્વ ઉપર રચાયેલું છે. સાંસારિક કાર્યોમાં ઇષ્ટ પરિણામની સિદ્ધિ અર્થે, એકાગ્રતાની જરૂર હોય તો આત્માનાં સૂક્ષ્મ બળોને યથાયોગ્ય રીતે પ્રવર્ત્તમાન કરવાને એકાગ્રતાની આવશ્યકતા સવિશેષ હોય એ સ્પષ્ટ છે.

મહાપુરુષોએ આત્માની ઉન્નતિ અર્થે એકાગ્રતાની મુકત કંઠે પ્રશંસા કરી છે. સર્વત્ર એકાગ્રતાનાં જ ગુણગાન ગાયાં છે. ભગવદ્ ગીતામાં એકાગ્રવૃત્તિનું બહુ જ સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. એકાગ્રતાનું મહત્ત્વ સમજાવતાં ગીતામાં કહ્યું છે કે:—

"નિશ્ચયયુક્ત બુદ્ધિ જ એકાગ્ર રહે છે. અનિશ્ચયી મનુષ્યોના વિચાર ભિન્ન ભિન્ન હોય છે." ૨–૪.

"અચલ ચિત્તથી ધ્યાનમાં મગ્ન થતાં તેને યોગની પ્રાપ્તિ થશે." ૨–૫૩.

"સમભાવી મનુષ્યો આ લોકમાં પણ સર્વ વસ્તુ ઉપર વિજય મેળવે છે." ૫–૧૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાત્માનાં અધિરાજ્યમાં જ મગ્ન રહેતા મનુષ્યોને ભૌતિક સુખ સગવડોની ઉપેક્ષા જ રહે છે. કોઈ પણ પ્રકારનો ડોળ, દેખાવ કે ટાપટીપ તેમને જરાયે રુચતાં નથી સંસારની ક્ષુદ્ર ઉપાધિઓથી તેમનું ચિત્ત સદૈવ પર રહે છે. ઈહલૌકિક આધિ ઉપાધિઓથી જીવનનાં કોઈ પણ પ્રકારનાં ગૌરવમાં લેશ પણ વધારો નથી થતો એવા દૃઢ વિશ્વાસપૂર્વક તેઓ પરમાત્માનાં જ જ્ઞાનમાં અહર્નિશ મસ્ત રહે છે. સંસારી જંજાળોથી આત્માનું સાહજિક ગૌરવ ઊલટું ઘટે છે એવા નિશ્ચયપૂર્વક વિનાશકારી જંજાળોથી સર્વદા મુક્ત રહે છે.

આધ્યાત્મિકતાના વાંચ્છુકો જીવનમાં વિશેષમાં વિશેષ ત્યાગ કરે છે. અપૂર્વ ત્યાગ એ તેમની વિશિષ્ટતા છે. પરમાત્માનો ભક્ત પરમાત્માનો જ પૂજારી હોઈ દ્રવ્ય આદિનો પૂજારી ન હોઈ શકે. કોઈ મનુષ્ય પરમાત્મા અને દ્રવ્ય બન્નેની એક જ સમયે ભક્તિ કરી શકે એવું વસ્તુતઃ કદાપિ બને જ નહિ. પરમાત્મા અને દ્રવ્ય બન્ને પ્રત્યે સમકાલીન પ્રેમ સર્વથા અશક્ય જ છે. અધ્યાત્મી પુરુષો એવાં દ્રવ્યનો સંચય કરે છે જેનો નાશ ન થાય કે જેનું કોઈ રીતે હરણ પણ ન થઈ શકે. અધ્યાત્મીઓનું દ્રવ્ય કોઇ રીતે વણસતું પણ નથી. ખરા અધ્યાત્મી પુરુષોને સંસારી દ્રવ્યની પરવા બહુ જ ઓછી હોય છે. સંસારનાં દ્રવ્યની અપેક્ષાએ, આધ્યાત્મિક દ્રવ્ય તેમને અનંતગણું 'મૂલ્યવંત લાગે છે. ખેતરમાં ખજાનો પ્રાપ્ત થતાં કોઈ ભાડુતી ખેડૂત બીજી બધી વસ્તુઓને જવા દઇને, સૌથી પહેલાં ખેતર ખરીદ કરે છે. ઝવેરી ઓછી કિંમતના નાના હીરાઓનો વિક્રય કરીને મોટો હીરો ખરીદે છે તે જ પ્રમાણે આત્મસુખનો વાંચ્છુક ખરો અધ્યાત્મવાદી મનુષ્ય સંસારની ક્ષુદ્ર વસ્તુઓને જતી કરે છે અને મહામૂલ્ય આધ્યાત્મિક દ્રવ્ય પ્રાપ્ત કરે છે. લોભવૃત્તિનો સર્વથા પરિત્યાગ કરી, ખરેખરા ઉદારચરિત બની આવતા ભવનું ભાતું બાંધે છે. ખરો સેવક–ભાવ જાગૃત થવાથી કોઈ પણ પ્રકારનો અહંભાવ કે મોટાઈ અધ્યાત્મી પુરુષોમાં રહેતાં જ નથી. સંપૂર્ણ ત્યાગવૃત્તિથી પરમાત્માનાં અધિરાજ્યનું અનેરું સુખ મેળવ્યા જ કરે છે. તેમની ઉદારતા, પ્રાર્થના આદિ સર્વથા મૌનપણે જ ચાલ્યા કરે છે. કોઇ પણ પ્રકારનાં સુકાર્યમાં તેઓ લેશ પણ દંભનું સેવન નથી કરતા. સર્વ કાર્યો નિઃસ્પૃહભાવથી જ કરે છે. નિઃસ્પૃહવૃત્તિથી અધ્યાત્મવાદીઓને આત્માના અનેરા આનંદનો અહર્નિશ અનુભવ થયા કરે છે. નિઃસ્પૃહવૃત્તિએ પરમાત્માનાં અધિરાજ્યમાં મસ્ત રહેતા મનુષ્યોને આ લોક પણ સ્વર્ગ સમ બની રહે છે.* (ચાલુ)

* મૂળ અંગ્રેજી ભાષાના લેખક બાબુશ્રી ચંપતરાયજી જૈની બાર–એટ–લૉ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ : **અભ્યાસી** B. A.

# કર્તવ્ય મીમાંસા

**વ્યા**પક તેમજ સર્વત્ર વહેવારમાં વપરાશને લઇને કર્તવ્ય શબ્દ સર્વથા વિચારણીય છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ—એ ચાર પુરુષાર્થમાં મોક્ષ જ પરમ પુરુષાર્થ છે, તેથી ધર્મ, અર્થ, કામમાં કર્તવ્યનો જેટલો વહેવાર હોવો જોઇએ તે ઉપર ટૂંકામાં વિચાર કરીને પછી મોક્ષ ઉપર વિસ્તારથી વિચાર કરવામાં આવશે. કર્તવ્ય સ્થિર થતાં મનુષ્ય જીવનનું અર્ધું લક્ષ્ય સ્થિર થઇ જાય છે. આ લેખનો ઉદ્દેશ મનુષ્ય જીવનના મુખ્ય લક્ષ્ય તરફ વાચકોના ચિત્તને લઇ જવું તે છે, તેથી વાચકો આ લેખથી પોતાનું લક્ષ્ય સ્થિર કરી શકશે એવી આશા છે.

રાજનીતિ, ધર્મનીતિ, સમાજનીતિ, અર્થનીતિ અને મોક્ષધર્મ મનુષ્ય માત્રે જાણવા જોઇએ. જેઓ સંસારમાં રહેવા ઇચ્છે છે તેઓને તેની ઉપેક્ષા કરવી પોસાય નહિ. રાજનીતિ અને સમાજનીતિનું ઉલ્લંઘન કરવાથી રાજા અથવા સમાજથી દંડાવું પડે છે, તેથી મનુષ્ય રાજદંડ અને સમાજદંડના ભયથી એવું કશું કામ નથી કરતો કે જે રાજ અને સમાજથી વિરુદ્ધ હોય, પરંતુ એનું નામ કર્તવ્ય નથી. શિક્ષકે ભણાવવું, વિદ્યાર્થીએ ભણવું, પુરુષોએ પૈસા કમાવા, સ્ત્રીએ ગૃહકાર્ય કરવું, વકીલે વાદી પ્રતિવાદીના પક્ષનું સમર્થન કરવું, ડાક્તર યા વૈદ્યે રોગીની ચિકીત્સા કરવી, અને નોકરે શેઠની સેવા કરવી—એ કર્તવ્ય છે એ વાત કોઇને શીખવવી પડતી નથી. સૌ પોતપોતાના સ્વાર્થ ખાતર કર્તવ્યનું યથાશક્તિ પાલન કરવા ઇચ્છે છે અને ન કરવાથી તેનું ફળ પણ તેઓને તુરત જ મળી જાય છે. ઉપર્યુક્ત કર્તવ્ય સ્વાર્થને આધીન હોવાને લઇને અર્થરૂપી બીજા પુરુષાર્થની અંદર આવી જાય છે. હિંદુશાસ્ત્ર અનુસાર સઘળાં કર્મો મોક્ષમાં સહાયકારક માનવામાં આવે છે, તેથી ધર્મશાસ્ત્રોમાં અર્થ અને કામના વિષયોનો પણ સન્નિવેશ દેખાય છે. સંસારી મનુષ્ય કઇ રીતે મોક્ષની તરફ આગળ વધી શકે છે તેની વ્યવસ્થા શાસ્ત્રકારોએ કરી છે. આપણે કર્તવ્યની ન્યૂનાધિકતા ઉપર વિચાર કરીને ચાલવું જોઇએ. એક વિદ્યાર્થીને માટે બી. એ. ની પરીક્ષા આપવી એ કર્તવ્ય છે પરંતુ મરવા પડેલા પિતાના દર્શનાર્થે જવું તે એનાથી વધારે કર્તવ્ય છે કે નહિ એ વાતની મીમાંસા કરવી જોઇએ. એ મીમાંસા આપણી ઉપર જ અવલંબિત છે. અંગ્રેજીમાં Duty નામના ગ્રંથમાં કર્તવ્યની વિસ્તારથી આલોચના કરવામાં આવી છે. આપણા પ્રાચીન વિદ્વાનોએ પણ અનેક ગ્રંથો અને લેખોમાં કર્તવ્યની વ્યાખ્યા કરી છે. એટલા માટે એ વિષય ઉપર વધારે લખવાની આવશ્યકતા નથી.

મનુષ્યના જીવનમાં એક એવો સમય આવે છે કે જ્યારે સંસારના કર્તવ્યોમાં પચ્યા રહેવું તેને સારું નથી લાગતું. પરલોકની ચિંતા આ સંસારી ક્ષણિક સુખો છોડીને તેને પરલોક માટે યત્ન કરવાની પ્રેરણા કરે છે. જ્યારે મનુષ્ય જુએ છે કે સંસારના સર્વ કર્તવ્ય પ્રપંચરૂપ છે અને તેનું પાલન આપણને જન્મ મૃત્યુના ચક્કરમાંથી છૂટવાને જરા પણ મદદ નથી કરતું ત્યારે પરલોકની ચિંતા તેને બીજું કર્તવ્ય સ્થિર પડવા માટે બાધ્ય કરે છે. દોષદૃષ્ટિ થયા વિના કોઈ પણ માણસ પોતાની સ્વાભાવિક પ્રવૃત્તિનો ત્યાગ કરી શકતો નથી. વિચારદ્વારા જ્યારે તે સમજે છે કે હિત માટે યત્ન કરવા જતાં વિપરીત ફળ મળે છે, સુખની આશા દુ:ખરૂપ ફળ લઇને સામી આવે છે ત્યારે તે કેવળ સંસારના કામોમાં જ મગ્ન રહી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધારણ બુદ્ધિદ્વારા જીવનનું કર્તવ્ય સ્થિર કરવું ઘણું કઠીન છે. એવું જોવામાં આવે છે કે મહાન્ બુદ્ધિમાન પુરુષ પણ દશ વર્ષ પહેલાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિની મદદથી જે વાતને કર્તવ્ય માનતો હોય છે તે જ વાતને દશ વર્ષ પછી અ-કર્તવ્ય માનીને ત્યજી દે છે. નોકરી કરવી એ કર્તવ્ય છે કે વ્યાપાર કરવો એ કર્તવ્ય છે એ વિષયમાં તો કર્મકુશળ અથવા વિષયનિપુણ પુરુષ તમને મદદ કરી શકે છે, પરંતુ ભગવાનની પૂજા કરવી એ કર્તવ્ય છે કે નહિ? સ્વર્ગ, નર્ક અથવા પાપ, પુન્ય છે કે નહિ? અથવા મુક્તિ હોઇ શકે કે નહિ? એ વિષયમાં તે લોકો કાંઈ પણ સલાહ આપી શકતા નથી, અને જો કોઇ અનધિકારી યત્ન કરવા માગે છે અને તે શાસ્ત્રવિરુદ્ધ વાત હોય છે તો શાસ્ત્ર તેમજ યુક્તિનિપુણ પુરુષની સમક્ષ તેને નીચું જોવું પડે છે. ધર્મ તથા મોક્ષના સંબંધમાં શાસ્ત્ર એક માત્ર પ્રમાણ છે, તેથી કહ્યું છે કેઃ—

**तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥**

શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ એનો નિર્ણય શાસ્ત્ર પ્રમાણે કરવો પડશે. જે શાસ્ત્ર સંમત છે તે જ કર્તવ્ય છે, અને જે અશાસ્ત્રીય છે તે ઇન્દ્રિયોને પ્રીતિકર હોય તો પણ ત્યાગ કરવા યોગ્ય છે. મનુષ્યની સાધારણ બુદ્ધિ અતીંદ્રિય વિષયો-ની મીમાંસા નથી કરી શકતી. શાસ્ત્રો અતીંદ્રિય વિષયોના દ્રષ્ટા યોગી, તપસ્વી અને ત્રિકાળજ્ઞ મહા-પુરુષોદ્વારા રચાએલા હોય છે તેથી તેની અંદર સાધારણ મનુષ્યોની માફક ભૂલ નથી રહી શકતી એટલા માટે શાસ્ત્ર અને ગુરુવાક્યની સાથે જ્યાંસુધી આપણા વિચારો મળતા હોય ત્યાંસુધી તેને સત્ય માનીને તદનુસાર ચાલવું જોઇએ. આપણા વિચાર-થી શરૂઆતમાં અસંગત લાગવાથી જ મહાપુરુષો સિદ્ધાંતને ભ્રમિત માનવો તે કેવળ ગાંડપણ છે તેથી સૂતેલા જીવને જગાડવા માટે મોટેથી કહેવામાં આવ્યું છે કે—

**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।**
**क्षुरस्य धारा निशिता दुरत्यया ।**
**दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥**

દુર્વિજ્ઞેય, અતીન્દ્રિય વિષયનું જ્ઞાન સદ્ગુરુના ઉપ-દેશ વગર અતિ બુદ્ધિમાન પુરુષને પણ થઇ શકતું નથી તેથી જ્યાં શાસ્ત્રની સાથે આપણા મતનો વિરોધ હોય ત્યાં આપણી ભૂલ માનવી જોઇએ. સૌનું કર્તવ્ય એક સરખું નથી હોતું. ભોજન, તેમજ ભજન પણ સૌને માટે એક નથી હોઈ શકતું. સૌની જુદી જુદી વ્યવસ્થા હોય છે. બાળપણમાં પ્રભુના મંદિરમાં તથા પિતા માતા વિગેરેને પ્રણામ કરવામાં શીખવવામાં આવે છે. અહિંથી સનાતનધર્મનો કક્કો શરૂ થાય છે. શાસ્ત્ર અને વાક્યમાં વિશ્વાસ એનું નામ શ્રદ્ધા છે. શ્રદ્ધા ધર્મનું મૂળ છે. શ્રદ્ધાવાન પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. અશ્રદ્ધાવાન પુરુષ પાંડિત્યનો અભિ-માની હોવા છતાં પણ ધર્મના ગૂઢ રહસ્યને જાણી શકતો નથી.

## માનવધર્મ

સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, સત્ય અસત્યનો વિચાર, શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વા-ધ્યાય, સરલતા, સંતોષ, સમદર્શિતા, વ્યક્ત ચેષ્ટા-ઓનો ત્યાગ, નિંદાત્યાગ, મનનશીલતા, આત્મ-ચિંતન, દાન, જીવમાત્રમાં આત્મબુદ્ધિ, ભગવાનના નામનું શ્રવણ, કીર્તિસ્મરણ—પાદસેવન, પૂજન, પ્રણામ, હાસ્યભાવ, સખ્યભાવ અને આત્મ-સમર્પણ એ માનવધર્મ છે. મનુષ્ય માત્રે આ ત્રીશ લક્ષણવાળા ધર્મનું સર્વદા પાલન કરવું જોઇએ.

## વર્ણધર્મ

યજ્ઞ, અધ્યયન અને દાન એ દ્વિજ જાતિનો ધર્મ મનાયેલો છે. બ્રાહ્મણ સિવાય બીજાને દાન લેવાનો અને શીખવવાનો અધિકાર નથી. પ્રજાપાલન ને કર વસુલ એ રાજાનો વિશેષ ધર્મ છે. વ્યવસાય કરવો એ વૈશ્યનો વિશેષ ધર્મ છે અને ત્રણે વર્ણોની સેવા કરવી એ શૂદ્રનો સ્વાભાવિક ધર્મ છે. શમ, દમ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવાહના પ્રશ્નો

## પ્રતિમાજી બળી ગઈ—

તેલંગ દેશના બીઝવાડા પાસેના ભીખાવર પાસેના એક સ્થળેથી ખેતરમાંથી આજથી અઢી વર્ષ પૂર્વે બે જિનપ્રતિમાઓ મળી આવી હતી.

પ્રતિમા પ્રાચીન અને પ્રતિભાશાળી હોવાથી એ પ્રદેશની જૈન જૈનેતર જનતાનો પ્રતિમાજી જોવા માટે સારો દરોડો રહ્યો.

---

તપ, શૌચ, સંતોષ, ક્ષમા, સરલતા, જ્ઞાન, દયા, પ્રભુ-ભકિત અને સત્ય એ લક્ષણો એ બ્રાહ્મણમાં હોવા જોઇએ. શૂરતા, શક્તિ, ધૃતિ, તેજ, ત્યાગ, જિતેંદ્રિયતા, ક્ષમા, બ્રહ્મણ્યતા, પ્રસન્નતા અને જીવોની રક્ષા કરવી એ ક્ષત્રિયોમાં હોવા જોઈએ. ભક્તિ, આસ્તિકતા, ઉદ્યોગ અને દક્ષતા વૈશ્યોમાં હોવા જોઇએ તથા નમ્રતા, શૌચસેવાપરાયણતા, અસ્તેય, સત્ય અને ગોબ્રાહ્મણની રક્ષા એ ગુણ શૂદ્રમાં હોવા જોઇએ.

## પાતિવ્રતધર્મ

પતિની સેવા કરવી અને તેની આજ્ઞાનું પાલન કરવું, પતિના કુટુંબીઓનું ભરણપોષણ કરવું, વ્રત નિયમ કરવા, ઘર બહાર સાફસુફ રાખવું, પોતાના શરીરને પતિની આજ્ઞાનુસાર વસ્ત્રાલંકારથી નિર્મળ રાખવું, વિનયી અને જીતેન્દ્રિય થવું, સત્ય, પ્રિય અને પ્રેમયુકત વચન બોલવું, સત્યનું પાલન કરવું, ધર્મપરાયણતા અને શુદ્ધાચારિણી બનીને ઇશ્વરબુદ્ધિથી પતિની સેવા કરવી—એ સ્ત્રીજાતિનો ધર્મ છે. જે સ્ત્રી આ ધર્મનું પાલન કરે છે તે લક્ષ્મીની માફક પતિલોકમાં પતિની સાથે નિવાસ કરે છે. પોતપોતાના સ્વભાવાનુસાર ધર્મનું પાલન કરવાથી આ લોક તેમજ પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે અને સ્વાભાવિક ધર્મનો પરિત્યાગ કરવાથી મનુષ્ય ક્રમે કરીને પશુત્વમાં પરિણત થાય છે. —[ચાલુ]

પ્રતિમાજીનો કબજો મેળવવા માટે એ બાજુના સંઘે પોતાથી શકય તેટલો પ્રયાસ કર્યો પણ પ્રતિમાજીનો કબજો ન મળ્યો.

ખેતરના માલીકોએ, જેઓ બે ભાઇ હતા, ખેતરમાં જ એક છાપર બાંધી ત્યાં પ્રતિમાજી પધરાવ્યા, અને સમય જતા તો જૈન કે જૈનેતર સૌને માટે આ એક નાના સરખા તીર્થધામ જેવું બની ગયું. તેના પ્રમાણમાં બન્ને ભાઇઓને આવક પણ સારી રહી.

ખાસ મહેનત વિના આમ વધતી જતી આમદાનીથી બન્ને ભાઇઓના હૃદયમાં લોભ થયો અને એકના જ હાથમાં આ આવક રહે તો સારુ એવી કોઇ ભાવનાથી ખેતર વહેંચી લેવાની તકરાર બન્ને ભાઇઓ વચ્ચે શરૂ થઇ.

તકરારનો મુખ્ય પ્રશ્ન, આવક વધારનાર નવા મંદિરનો હતો.

બન્ને જણાને તેનો મોહ હતો.

પરસ્પર સમાધાનીનો માર્ગ કોઇ શોધી ન શકયું.

પરિણામે એક ભાઇએ એક ક્રૂર પગલું આગળ વધીને પેલા મંદિરને જ સળગાવી મૂકયું.

જોતજોતામાં આગ બન્ને પ્રતિમાજીને સ્પર્શી અને અગ્નિના જોરથી પ્રતિમાજીના ટુકડેટુકડા થઇ ગયા.

બન્ને પવિત્ર પ્રતિમાનો આમ કરુણ રીતે નાશ થયો.

\+ + +

તેલંગ દેશમાં સામાન્ય રીતે આજે જૈનોનો વસવાટ જોઇએ તેટલો નથી. એટલે આ બનાવની પાછળ તેઓ કોઇ પગલું ભરી શકે તેટલું બળ ધરાવતા હશે કે કેમ ? તે પણ એક પ્રશ્ન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ જૈનોની અલ્પ સંખ્યા કે શક્તિહીનતાને અંગે જ્યાં આવા પ્રસંગો નોંધાય છે ત્યાંની જવાબદારી સમસ્ત હિન્દના તીર્થોનું રક્ષણ કરવાનો, કે પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓએ વિચારવી રહી.

જો એક જવાબદાર સંસ્થા પણ આવા પ્રસંગો પરત્વે આ રીતે બેદરકાર રહે તો આમ પ્રતિમાજી નીકળવા પછી તેનો કબજો નહિ આપતા આવકનું એક ધંધાદારી મંદિર બનાવવાનાં અને આગમાં પ્રતિમાજીનો નાશ થવાનાં પ્રસંગો અવારનવાર નોંધાયા જ કરવાના.

અલબત્ત, આમ વિનાશ પામતી આપણી પ્રાચીન પ્રતિમાઓ કે શિલ્પનું રક્ષણ કરવા માટે આપણી પાસે વ્યવસ્થિત તંત્ર નથી, એટલે આ પ્રશ્ન આપણને ભારરૂપ લાગશે, પરંતુ પ્રાચીન શિલ્પ અને પ્રતિમાજીના રક્ષણ માટે એ માર્ગ યોજ્યા વિના ચાલે તેમ નથી. તે માટે સેવવામાં આવતી ઉપેક્ષા સમય જતાં આપણને ભારે પડી જાય તેમ છે.

તેલંગ દેશ જેવો આ પ્રશ્ન આપણી સમક્ષ પહેલવહેલો આવતો નથી. મારવાડ, મેવાડ, દક્ષિણ કે બંગાળ અને કોઇ કોઇ સમય ગુજરાતમાં પણ એવા પ્રસંગો નોંધાયા છે કે જ્યાં આપણી પ્રતિમાઓ કે મળી આવેલ શિલ્પની આવી દશા થવા પામી છે.

મહુડી ખાતે નીકળેલ જૈન પ્રતિમાઓ, જૈનોની હોવાનું ખૂબ ખૂબ દલીલો સાથે શ્રી સારાભાઇ નવાબે એક લાંબી લેખમાળા લખી પુરવાર કરી આપવા છતાં વડોદરાનું શોધખોળખાતુ હજુએ પ્રતિમાઓ બુદ્ધની હોવાનું જણાવી પોતાના કબજામાં રાખી રહેલ છે. આ પ્રસંગ તાજો જ છે. અને હજુ પણ આ માટે સુયોગ્ય પગલા ન લેવાય તો તેનું ભવિષ્ય શું ?

પ્રાચીન પ્રતિમા અને શિલ્પનું મૂલ્ય ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઓછું નથી. ઇતિહાસના ઘડતરમાં એનું સ્થાન મહત્ત્વનું છે એ આપણે ક્યાં નથી જાણતા ?

હિન્દના પ્રાન્તે પ્રાન્તમાં જૈન ધર્મે એક વખત પોતાનો યૌવનકાળ અનુભવ્યો છે. તેની ઉજ્જવળ કાળ–કીર્તિની ગૌરવ ધ્વજા સ્થળે સ્થળે એક વખત ફરકતી રહી છે. કાળ–બળે તેમાં પલટો આવતો ગયો અને આપણું સ્થાન તેજ અને છાયાની જેમ પલટાતું ગયું.

હિન્દને ખૂણે ખૂણે મળી આવતા આવા પ્રાચીન અવશેષો અને પ્રતિમાજીઓનો જો સુયોગ્ય સંગ્રહ કરવામાં આવે, અને પછી તેનો અભ્યાસ કરવામાં આવે તો જૈન–ઇતિહાસની અનેક અજોડ કંડિકાઓ આપણને સાંપડે તેમ છે. અને માત્ર જૈનોના જ નહિ પણ સમસ્ત ભારતવર્ષના ઇતિહાસમાં સુંદર પ્રકાશ પાડી શકે.

પ્રાચીન પ્રતિમાજી, શિલ્પ અને સાહિત્યના મૂલ્ય એક સારા જિનાલય કરતાં આ રીતે જરા પણ ઉતરતાં નથી. તેનું મહત્ત્વ બરાબર સમજીને હિન્દના તીર્થોનો વહીવટ કરતી પેઢી એ માટેની યોગ્ય યોજનાનો અમલ વિચારે તો જરૂર આવકારદાયક નીવડશે.

---

## વર્તમાન સમાચાર

### શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી સ્વર્ગારોહણ દિવસોત્સવ

અંબાલા (પંજાબ) શ્રી આત્માનંદ જૈન કોલેજના ભવ્ય મકાનમાં તા. ૧૭–૬–૪૦ ના રોજ સવારના સાડાસાત વાગે શ્રીયુત લાલા સુલતાનસિંહજી જૈન સબજજના પ્રમુખપદે જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિ (શ્રી આત્મારામજી) મહારાજની સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવી હતી. તેઓશ્રીના જીવન અને કાર્ય ઉપર ઘણા વિદ્વાન્ વક્તાઓના વિવેચનો થયા હતા. બપોરના જિનમંદિરમાં પૂજા ભણાવવામાં આવી હતી.

### ગુજરાંવાલા(પંજાબ)માં ચોમાસુ

પૂજ્યપાદ્ આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ, પંન્યાસશ્રી સમુદ્રવિજયજી મહારાજ, મુનિશ્રી શિવવિજયજી મહારાજ, શ્રી વિશુદ્ધવિજયજી મહારાજ, શ્રી સત્યવિજયજી મહારાજ અને શ્રી વિશ્વવિજયજી મહારાજ આદિ તેમજ પ્રવર્ત્તકણી સાધ્વીજીશ્રી દેવશ્રીજી, શ્રી હેમશ્રીજી, શ્રી વિવેકશ્રીજી શ્રી ચંદ્રશ્રીજી, શ્રી પદ્મશ્રીજી, શ્રી ચંપાશ્રીજી, શ્રી લલિતાશ્રીજી, શ્રી જિનેન્દ્રશ્રીજી તથા શ્રીમહેંદ્રશ્રીજી આદિ ગુજરાંવાલા(પંજાબ)માં ચોમાસુ બિરાજમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## (૧) શ્રી સિદ્ધાચલ મહાતીર્થાદિ સ્તવનાવલી

(શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈનગ્રંથમાળા-ગ્રંથાંક–૨૧)

પ્રકાશક. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી ગ્રંથમાલા, ગોપીપુરા–સુરત. આ લઘુ ગ્રંથમાં પાંચ વિભાગ આપવામાં આવેલ છે. (૧) પ્રથમ યાત્રા કરવા પાંચ ચૈત્યવંદનો જે કરવામાં આવે છે તે (૨) શ્રી પૂર્વાચાર્યરચિત ૧૦ ચૈત્યવંદનો, શ્રી પૂર્વાચાર્ય કૃત ચાલુ સ્તવનો તથા સ્તુતિઓ તેમજ ૨૧ ખમાસમણુ અને ૧૦૮ નામગર્ભિત ખમાસમણના દુહા આપવામાં આવ્યા છે (૩)વર્તમાન ચોવીશીના બીજા શ્રી અજિતનાથ ભગવાનથી ચોવીશમા શ્રી મહાવીરસ્વામી ભગવાન સુધીના ચૈત્યવંદનો, સ્તવનો તથા સ્તુતિઓ (૪) શ્રી સીમંધરસ્વામી તથા શ્રી સિદ્ધચક્રજીનાં ચૈત્યવંદનો તથા અન્ય તીર્થોના સ્તવનો (૫) શ્રી જિનેશ્વર દેવોની જિનપૂજાની શુદ્ધિઓ તથા પૂજા કરતાં બોલવાના દુહા તથા સ્નાત્રપૂજા વિ. આપવામાં આવેલ છે. ઉપરના પાંચે વિભાગોનો સમાવેશ કરી આ લઘુ ગ્રંથનું નામ શ્રી સિદ્ધાચલ મહાતીર્થાદિ સ્તવનાવલી યોગ્ય જ આપ્યું છે. યાત્રા કરવા જનાર માટે ઉપયોગી ગ્રંથ છે. કિંમત ૦–૬–૦. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

## (૨) શ્રી જૈન વિવાહ વિધિ

આ લઘુ પુસ્તકમાં વિધિ, ભાવાર્થ, હેતુ અને સંસ્કૃત મંત્રો સાર્થ આપવામાં આવ્યા છે. વિવાહના પ્રકારો, મુહૂર્તો, વરવધુપરીક્ષા વિ. સાથે વિવાહ લેખથી માંડીને લગ્નની છેલ્લી ક્રિયા અને પુરુષના સંસ્કાર સુધીની હકીકત આપવામાં આવી છે. એકંદરે જૈન વિવાહ વિધિ પ્રમાણે લગ્ન કરનારને આ લઘુ ગ્રંથ ખાસ ઉપયોગી છે એમ અમે માનીએ છીએ. પ્રકાશક શ્રી જૈન સંસ્કાર મંડળ, નિપાણી (દક્ષિણ) કિંમત ૦–૪–૦

## (૩) શ્રી જિનેન્દ્ર પદ્યરત્નમાળા

(શ્રી જિનેન્દ્ર પદ્યમાલા પુષ્પ ૨ જું)

લેખક તથા પ્રકાશક શાહ રેવચંદ તુળજારામ–નિપાણી (બેલગામ–દક્ષિણ). જુદા જુદા રાગોમાં જિનેન્દ્ર ભગવાનનાં સ્તવનો આપવામાં આવેલ છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે. મૂલ્ય ૦–૨–૦

## (૪) અર્હત્ દર્શનવિધિ

(શ્રી જિનેન્દ્ર ગ્રંથમાળા પુ. ૧લું.)

પ્રકાશકઃ રેવચંદ તુળજારામ શાહ–નિપાણી. કિં. ૦–૩–૦. આ ગ્રંથમાં પરમાત્માની પૂજા કેમ કરવી? તેનો અધિકાર આપવામાં આવ્યો છે. ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ વિ. પણ સાથે આપવામાં આવેલ છે તેમજ ચોવીશ તીર્થંકર પ્રભુના નામ, લાંછન, માતા–પિતાના નામ તથા જન્મભૂમિનું વર્ણન આપવામાં આવ્યું છે. બાળજીવોને માટે ઉપયોગી છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

## (૫) શ્રી જિનેન્દ્ર–ગુણ–સ્તવ કર્ણિકા

પ્રકાશકઃ શ્રી જ્ઞાનોદય જૈનપાઠશાળા, કાળુશાની પોળ–અમદાવાદ. પાઠશાળાના વિદ્યાર્થીઓની સુલભતા ખાતર આઠ વિભાગ આપવામાં આવેલ છે. પ્રથમ પ્રાસ્તાવિક શ્લોકો, ભાવપૂજા માટે જરૂરી સ્તવનો ને સ્તુતિઓ, પ્રતિક્રમણમાં ઉપયોગી નિવડે તેવી સજઝાયો, આધ્યાત્મિક પદો, સ્નાત્રવિધિ અને બીજી કેટલીક ઉપયોગી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો. જે તમામ ધાર્મિક પ્રાથમિક શિક્ષણ લેનાર બાળકો માટે ઉપયોગી છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

## (૬) હૈમશબ્દચંદ્રિકા ( શ્રી મેઘવિજયગણિ વિરચિત )

શ્રી શ્રુતજ્ઞાન અમીધારા સીરીઝ નં–૩

સંપાદકઃ મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( દક્ષિણવિહારી શ્રીમદ્ અમરવિજયજી મહારાજના સુશિષ્ય) પ્રકાશક શાહ ચાંપશી ખીયસી, કચ્છ–કોડારા. આ વ્યાકરણની લઘુ પુસ્તિકામાં પ્રથમ પ્રકાશે સંજ્ઞા પ્રકરણ, દ્વિતીય પ્રકાશે ભ્વાદય અને તૃતીય પ્રકાશે કૃદંતની હકીકતો આપવામાં આવેલ છે. વિદ્વાન્ મુનિ મહારાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તેના સંપાદક હોવાથી શુદ્ધ છપાયેલ છે. વ્યાકરણના અભ્યાસીને માટે ખાસ ઉપયોગી છે.

### (૭) દિવાળી પર્વ અને કર્તવ્ય
(એક જાહેર પ્રવચન)

પ્રવચનકાર આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ. પ્રકાશકઃ શેઠ લાલજી કેશવજી ચિનાઇ, ૧૭, મનોરદાસ સ્ટ્રીટ, કોટ–મુંબઇ

દિવાળી પર્વમાં જનસમાજ સારા સારા ભોજનો કરે છે, સાથે કર્તવ્ય તરિકે વહીપૂજન (શારદાપૂજન), લક્ષ્મીપૂજનાદિ દીપમાળ કરીને ઉજવે છે એ બધું વ્યવહારને અંગે ઠીક છે; પરંતુ જૈન સમાજનું તો આ લોકોત્તર પર્વ છે, કારણ કે તે જ દિવસે શ્રી મહાવીર ભગવાન છેલ્લી દેશના આપી મોક્ષે પધારેલ છે–આદિ કારણોથી આ દિવાળીપર્વને શાસ્ત્રકારોએ લોકોત્તર પર્વ માનેલું છે. એથી આ પર્વમાં જૈન સમાજનું કર્તવ્ય શું છે ? તે સંબંધી પ્રવચનનું સારભૂત ટૂંક અવતરણ આ લઘુ પુસ્તિકામાં આપેલ છે, જે વાંચવા યોગ્ય છે.

### (૮) વિનય આત્મવિચાર

પ્રયોજકઃ શ્રી વિનયવિજયજી મહારાજ. પ્રકાશક શેઠ અગરચંદજી લચ્છીરામજી ગોલેચ્છા અમલનેર (પૂ. ખાનદેશ) કિંમત ૦–૪–૦. પ્રયોજક મહારાજે પોતાના ઘણા વરસના કરેલ અભ્યાસના અનુભવે આ આત્મવિચાર નામનો લઘુ ગ્રંથ તૈયાર કર્યો છે. આત્મોન્નતિના જુદા જુદા તેર વિષયો આ લઘુ પુસ્તકમાં આપવામાં આવેલ છે જે મનન કરવા યોગ્ય છે. પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

### (૯) શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજીનું જીવનચરિત્ર

સંયોજક તથા પ્રકાશક જીવણલાલ પોપટલાલ, ધર્માધ્યાપક પાર્શ્વનાથ જૈન વિદ્યાલય, વરકાણા ( મારવાડ ). આ લઘુ ગ્રંથમાં બહુ જ ટૂંકામાં શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું જીવનચરિત્ર આપેલ છે. આવા મહાપુરુષોના જીવનચરિત્રો બહુ જ વિસ્તારપૂર્વક આપવા જોઇએ, કારણ કે તેઓશ્રીનો જીવનક્રમ અતિ મહત્ત્વનો હોય છે. ઉક્ત આચાર્ય મહારાજશ્રીનું વિસ્તારપૂર્વક જીવનચરિત્ર હિંદી ભાષામાં પ્રગટ થએલ છે તેમજ બીજી અનેક મહત્ત્વની અને અનુકરણીય હકીકતો આપવામાં આવેલ છે તેનું ગુજરાતી ભાષાંતર થઇ ગ્રંથરૂપે પ્રગટ કરવાની આવશ્યકતા અમે જોઇએ છીએ. કિંમત ૦–૩–૦, પોસ્ટેજ ૦–૧–૦

### (૧૦) મેરી નેમાડ–યાત્રા

સંયોજક શ્રીમદ્ વિજયયતીન્દ્રસૂરિજી મહારાજ. નેમાડની યાત્રા કરતાં પોતાનો સ્વાનુભવ જેવો કે તેની પ્રાચીન અર્વાચીન ભૌગોલિક અને ઐતિહાસિક હકીકતનું વર્ણન આપ્યું છે. આવો વિહારની પ્રયાણની હકીકતોનું વર્ણન પ્રગટ કરવામાં આવે તો કેટલીક વખત તે ઐતિહાસિક સાહિત્યને ઉપયોગી થઇ પડે છે. આ નેમાડ યાત્રાનું પુસ્તક પણ તેવું જ બન્યું છે. હકીકતો વાંચવા જેવી છે. પ્રકાશક–જોશી રાવલ સૂરતિંગજી બનાજી, ભૂતિ, ( મારવાડ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

[ પુસ્તક ૩૭ મું ]

[ સં. ૧૯૯૫ ના શ્રાવણથી ૧૯૯૬ ના અશાડ સુધીની ]

## વાર્ષિક વિષયાનુક્રમણિકા


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | નૂતન વર્ષાભિનંદન ( કાવ્ય ) | ( રેવાશંકર વાલજી બધેકા કવિ ) | ૧ |
| ૨. | નૂતન વર્ષનું મંગળમય વિધાન | ( માસિક કમિટી ) | ૩ |
| ૩. | શ્રી શ્રુતજ્ઞાન | ( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) | ૧૧, ૬૬, ૯૮, ૧૫૧, ૧૯૦, ૨૧૦, ૨૪૪, ૨૬૮, ૨૯૬, |
| ૪. | તીર્થયાત્રા એ પ્રભાવનાનું ઉત્તમોત્તમ અંગ શી રીતે ? | ( સં. ગાંધી ) | ૧૪ |
| ૫. | શ્રી જિનેશ્વરનાં વચનોમાં આદર કરો | ( પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) | ૧૭ |
| ૬. | બોધ લહરી ( કાવ્ય ) | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૧ |
| ૭. | આત્મદર્શન | ( ચતુર્ભુજ જયચંદ શાહ ) | ૨૨, ૪૯ |
| ૮. | પૂજન : એક મહત્ત્વની ક્રિયા | ( શ્રી. ચોકસી ) | ૨૮ |
| ૯. | પ્રવાહના પ્રશ્નો | | ૩૦, ૫૯, ૮૭, ૧૧૫, ૧૭૧, ૩૪૩ |
| ૧૦. | વર્તમાન સમાચાર | | ૩૨, ૬૨, ૮૯, ૧૧૭, ૧૪૬, ૧૭૩, ૨૦૩, ૨૩૨, ૨૬૨, ૨૮૭, ૩૧૭, ૩૪૪ |
| ૧૧. | સ્વીકાર અને સમાલોચના | | ૩૪, ૬૧, ૯૦, ૧૧૮, ૧૭૪, ૨૦૦, ૨૩૧, ૩૪૫ |
| ૧૨. | પર્યુષણ પર્વનો પ્રૌઢ પ્રભાવ ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૩૫ |
| ૧૩. | વીતરાગ પ્રભુના અનુપમ ગુણો | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૩૭ |
| ૧૪. | મૃત્યુ એટલે ? મુક્તિ–પરમ સુખ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૪૦ |
| ૧૫. | અભયંકર નૃપનું અદ્‌ભુત ચરિત્ર | ( સં. ગાંધી ) | ૪૨, ૭૪ |
| ૧૬. | ઉપદેશક પદ કવ્વાલી | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૪૬ |
| ૧૭. | આત્મશ્રદ્ધા અને પ્રયત્ન | ( અનુ: અભ્યાસી બી. એ. ) | ૪૭ |
| ૧૮. | અખંડિત પૂજા | ( ચોકસી ) | ૫૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૧૯. સંશોધક સાહિત્ય | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૫૫ |
| ૨૦. યોગશાસ્ત્ર માટે ગોપાળદાસ જી. પટેલ શું કહે છે? | | ૫૭ |
| ૨૧. પ્રભુસ્તુતિ ( કાવ્ય ) | ( સંઘવી ડુંગરશી ગોવિંદજી ) | ૬૩ |
| ૨૨. દિવાળી | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૬૪ |
| ૨૩. જે વિચારો પ્રધાનપણે ભોગવાતા હોય તે જ વિચારો મરતી વખતે ઊભા રહે છે | ( સ્વામી રામતીર્થ ) | ૬૯ |
| ૨૪. મુનિ ગુણમહિમા. | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૭૦ |
| ૨૫. પંથદર્શન | ( ચોકસી ) | ૭૧ |
| ૨૬. ઇચ્છાઓને પરિપૂર્ણ કરવી હોય તો ઇચ્છાઓને છોડી દો, ઇચ્છાઓનો ભોગ આપો, | ( સ્વામી રામતીર્થ ) | ૭૩ |
| ૨૭. શું તમને તમારા સર્વશક્તિમાન આત્મા વિષે શંકા છે? | ( સ્વામી રામતીર્થ ) | ૭૮ |
| ૨૮. અનેકાંતવાદ—સ્યાદ્વાદ | ( ઉધ્ધૃત ) | ૭૯ |
| ૨૯. પાંચ સકાર : સંતોષ | ( અનુ૦ અભ્યાસી બી. એ. ) | ૮૩ |
| ૩૦. સાચો શ્રમણ | ( શ્રી કુંદકુંદાચાર્ય ) | ૮૫, ૧૩૨ |
| ૩૧. આત્મહિતશિક્ષા ભાવના ( કાવ્ય ) | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૮૬ |
| ૩૨. નમોનમઃ શ્રી પ્રભુહેમસૂરયે | ( પં. શ્રી ધર્મવિજયજી ગણિ ) | ૯૧ |
| ૩૩. નૂતન વર્ષાભિનંદન ( કાવ્ય ) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૯૩ |
| ૩૪. વિચારશ્રેણી | ( આ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૯૫, ૧૨૧, ૧૭૭ |
| ૩૫. દુઃખ એ શું છે? | ( મુનિ લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૦૩ |
| ૩૬. શ્રી પાવાપુરી તીર્થનો પ્રાચીન ઇતિહાસ | ( અનુ૦ આત્મવલ્લભ ) | ૧૦૪ |
| ૩૭. અધ્યાત્મ શક્તિના લાભ | ( અનુ૦ અભ્યાસી બી. એ. ) | ૧૦૭ |
| ૩૮. પરમપદ પ્રાપ્તિ કેમ થાય? | ( શ્રી કુંદકુંદાચાર્ય ) | ૧૦૯ |
| ૩૯. ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય: અનુવાદ, | ( ડો. ભગવાનદાસ મનસુખલાલ મહેતા ) | ૧૧૦, ૧૪૯, ૧૯૭, ૨૪૯ |
| ૪૦. સાધક ગુણત્રયી | ( ચોકસી ) | ૧૧૩ |
| ૪૧. જીવને હિતશિક્ષા (કાવ્ય) | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૧૯ |
| ૪૨. શ્રી મહાવીર જિનસ્તુતિ ( પદ્ય ) | ( પારેખ રાયચંદ મૂળજી ) | ૧૨૦ |
| ૪૩. સંઘવી દયાલદાસ | | ૧૨૪ |
| ૪૪. તૃષ્ણાથી તૃપ્તિ થતી નથી | ( શ્રી કુંદકુંદાચાર્ય ) | ૧૩૦ |
| ૪૫. દર્શનપ્રાપ્તિ | ( શ્રી મોહનલલાલ દીપચંદ ચોકસી ) | ૧૩૧ |
| ૪૬. ગુજરાતી કહેવત સંગ્રહ | ( શ્રી રાજપાળ મગનલાલ વહોરા ) | ૧૩૩, ૧૫૮ |
| ૪૭. પરમાત્માનું અધિરાજ્ય (સમ્યગ્જ્ઞાનની કુંચી) | ( બેરીસ્ટર શ્રી ચંપતરાયજી જૈની ) | ૧૩૫, ૨૨૫, ૨૮૩, ૩૩૭ |
| ૪૮. જીવાત્માને ઉપદેશ (પદ્ય) | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૧૪૧ |
| ૪૯. એક વિદ્યાવ્યાસંગી ત્યાગી જીવનની સુવાસ | ( શ્રી ભોગીલાલ સાંડેસરા ) | ૧૪૨ |
| ૫૦. સ્વ. મુનિશ્રી ચતુરવિજયજી | | ૧૪૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૧. કાયા (પદ્ય) | ( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ ) | ૧૪૭ |
| ૫૨. અમારા સાચા કોણ ? (પદ્ય) | (સ્વ. આ. શ્રી અજિતસાગરસૂરિજી મહારાજ) | ૧૪૮ |
| ૫૩. જ્ઞાનની મહત્ત્વતા | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૫૫ |
| ૫૪. સાચો મુમુક્ષુ કોણ ? | ( શ્રી કુંદકુંદાચાર્ય ) | ૧૬૧ |
| ૫૫. સેવાધર્મ દિગ્દર્શન | ( ઉધ્ધૃત ) | ૧૬૨, ૧૮૬, |
| ૫૬. સાચા ત્યાગી અને નિઃસ્પૃહી ભક્ત બનો | ( સ્વામી રામતીર્થ ) | ૧૬૪ |
| ૫૭. આત્માની ત્રણ અવસ્થા | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૬૫ |
| ૫૮. ક્રિયા વિનાની શ્રદ્ધા શા કામની ? | ( શ્રી કુંદકુંદાચાર્ય ) | ૧૬૭ |
| ૫૯. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? | (મુનિશ્રી હંસસાગરજી મહારાજ ) | ૧૬૮, ૧૮૦, ૨૨૨, ૨૫૨, ૩૦૭ |
| ૬૦. પ્રભુધ્યાનમાં લય લગાવો ( પદ્ય ) | ( પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ ) | ૧૭૫ |
| ૬૧. પ્રભુનો પંથ ન્યારો છે ( કવ્વાલી ) | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૧૭૬ |
| ૬૨. અહિંસાની અગત્યતા | | ૧૮૯ |
| ૬૩. આપણા ભાગ્યવિધાતા કોણ ? | | ૧૯૪ |
| ૬૪. અંતર ત્રુટે કેવા પ્રકારે ? | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૧૯૫ |
| ૬૫. ઉઘાડી આંખથી જોશો ( કવ્વાલી ) | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૦૭ |
| ૬૬. આત્મદર્શન ( કાવ્ય ) | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૦૮ |
| ૬૭. સંસાર પરિભ્રમણનું મૂળ–પરિગ્રહ | | ૨૧૩ |
| ૬૮. સુબોધક સાહિત્ય | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૧૪ |
| ૬૯. ગુણપ્રતિ પ્રયાણ | (મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૧૫ |
| ૭૦. પૂજનીય માતાપિતા | | ૨૧૭ |
| ૭૧. વીરશાસનની વિશેષતા | (ઉદ્ધરિત ‘અનેકાંત’) | ૨૧૮ |
| ૭૨. સાચો ધર્મ | | ૨૨૧ |
| ૭૩. માયાવી સંસાર (પદ્ય) | ( પ્ર. શ્રી કાંતિવિજયજી મહારાજ ) | ૨૩૫ |
| ૭૪. કરો છો શોક શું કરવા ? (કવ્વાલી) | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૨૩૬ |
| ૭૫. વાચક અને શ્રોતાને સૂચના | ( ,, ) | ૨૩૭ |
| ૭૬. પરમ પરાક્રમી કોણ ? | | ૨૪૧ |
| ૭૭. સુખ દુઃખ | ( ઉધ્ધૃત ) | ૨૪૨ |
| ૭૮. લક્ષ્મીની લીલા | | ૨૫૬ |
| ૭૯. પ્રભુદર્શનનો તલસાટ | (શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૫૭ |
| ૮૦. સંયમ | (અનુ. અભ્યાસી બી. એ.) | ૨૫૯ |
| ૮૧. ઓ માનવી ! પૂછું તને, તેં જન્મી સાર્થક શું કર્યું ? (પદ્ય) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૬૩ |
| ૮૨. સ્નેહ એ દુઃખનું મૂળ છે. | (આ. શ્રી વિજયકસ્તૂરસુરિજી મહારાજ) | ૨૬૫ |
| ૮૩. સિદ્ધસેન દિવાકર | (ઉધ્ધૃત) | ૨૭૧, ૩૦૧ |
| ૮૪. ધર્મ કેમ સધાય ? | | ૨૭૫ |
| ૮૫. પૂજનના વિવિધ પ્રકારો | (મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૭૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૮૬. જીવનનું રહસ્ય (અનુ. અભ્યાસી બી. એ.) ૨૭૯,૩૧૨
૮૭. ઉચ્ચ કોટીનું બળ ૨૮૬
૮૮. ઓ માનવી! આ જન્મનો, એ લહાવ તું લેતો જજે (કાવ્ય) (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૨૯૧
૮૯. ભિન્નરુચિ જગતની ભિન્ન ભિન્ન પ્રિયતા (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૨૯૩
૯૦. બ્રહ્મચર્યનો પ્રતાપ ૩૦૦
૯૧. મોક્ષપ્રાપ્તિ કેમ થાય? ૩૦૬
૯૨. ગુરુસ્તુતિ ( કાવ્ય ) ( શાંતિલાલ બી. શાહ. ) ૩૧૧
૯૩. ત્રિભંગીદર્શન ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૩૫૧
૯૪. પ્રાવૃટ(વર્ષાઋતુ)નું વર્ણન (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૩૧૯
૯૫. વિલાસ અને વિલાસી વિકાસના બાધક છે (આ. શ્રી. વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૩૨૧
૯૬. શ્રી હરિભદ્રસૂરિ (ઉધ્ધૃત) ૩૨૫
૯૭. " અધ્યાત્મ "ની પીછાન (મોહનલાલ દીપચંદ ચોકસી) ૩૩૦
૯૮. પલ્લીવાલ પ્રાંતમાં અમારો વિહાર ને તે સમાજનો ઉદ્ધાર (મુનિશ્રી ન્યાયવિજયજી) ૩૩૨
૯૯. કર્તવ્યમીમાંસા (અનુ: અભ્યાસી બી. એ.) ૩૪૧


**" શ્રી આત્માનંદ પ્રકાશ " માસિકના માનવંતા ગ્રાહકોને ભેટ.**

**આ વખતે ભેટનું પુસ્તક જે આપવાનું છે તેની હકીકત આવતા અંકમાં આવશે.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


તૈયાર છે જલદી મંગાવો તૈયાર છે

છપાઈ ગયેલા નવા બે ગ્રંથો

## બૃહત્કલ્પસૂત્ર

ભા.૪થો ને ભા. ૫ મો મૂળ તથા સંસ્કૃત ટીકા સાથે

**કીંમત અનુક્રમે રૂા. ૬। અને ૫**

---

## શ્રી મહાવીર જીવનચરિત્ર.

### ( શ્રી ગુણચંદ્રગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## નવીન બે ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ શ્રી નિશિથ ચૂર્ણિંસૂત્ર ભાષ્ય સહિત.

---

### છપાતાં મૂળ ગ્રંથો.

૧ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ ) ૨ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्पसूत्र भाग ६

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦।॥ |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦।॥ |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦।॥= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧) |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।- |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧।॥ |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦= |
| કુમારપાળપ્રતિબોધ | ૩॥ |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧।॥ |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧।॥ |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| " " " રેશમી પુંઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| " સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦।॥ |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

લખોઃ–શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only